કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચકાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૨ એપ્રિલ, ૨૦૨૫ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરચક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૨૭૯ ◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ચૈત્ર વદ-૯ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## સીએમ - હર્ષ સંઘવી દિલ્હીમાં જઈ આવ્યા : કોઈ સંકેત!

# ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલના એંધાણ

**પ્રદેશ પ્રમુખમાં નવું નામ આવે અને ભાજપના વર્તુળો જ તોડી પાડે છે! કોઈ નામો વાયરલ થતા જ શા માટે તમો નહી તેના કારણો શોધી કઢાયા : ?**
**મુખ્યમંત્રીના વિસાવદર બાદ મોડાસા પ્રવાસની પણ ચર્ચાઃ રાહુલની મુલાકાતના બે દિવસમાં હવે અરવલ્લી જીલ્લાને નવી યુનિવર્સિટી પણ નિશ્ચિત**

## હર્ષ સંઘવીની દિલ્હી મુલાકાત પણ ચર્ચામાં



ગાંધીનગર : ગુજરાતમાં જૂન માસમાં પોલીસવડા શ્રી વિકાસ સહાય નિવૃત થઈ રહ્યા છે અને લાંબા સમયથી આઈપીએસની કેડરનું રીશફલ ચર્ચામાં છે તે વચ્ચે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની દિલ્હી મુલાકાત અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ સાથેની બેઠક ચર્ચામાં છે. જો કે સંઘવીએ આ મુલાકાત પર કોઈ ટવીટ કર્યુ નથી પરંતુ માનવામાં આવે છે કે વિકાસ સહાયના અનુગામીથી આઈપીએસ રીશફલ સુધી ચર્ચા થઈ હોઈ શકે છે. શ્રી અમીતભાઈ શાહ ગુજરાતની બાબતો સંભાળે છે અને તેથી તેમની સાથેની મુલાકાતને મહત્વ અપાઈ રહ્યું છે. હવે આગામી દિવસોમાં તેની કોઈ અસર દેખાઈ શકે છે!

## મંત્રીમંડળ રીશફલ : હવે પેટાચૂંટણી પછી, બોર્ડ નિગમ તો ભુલી જાવઃ હવે આઈએએસ નહી પ્રાઈવેટ ક્ષેત્રના ચેરમેન- સીઈઓ આવશે

ગાંધીનગરઃ ગુજરાતમાં સંગઠનને સંદર્ભના મહત્વના નિર્ણયો હવે ગમે તે સમયે જાહેર થશે તેવા સંકેત છે તે વચ્ચે દિલ્હી-ગાંધીનગર વચ્ચે રાષ્ટ્રીયકક્ષાએ ભાજપના આવાગમન કરતા ભાજપના રાષ્ટ્રીય નેતાઓ પર સતત નજર છે તે વચ્ચે ગઈકાલે અચાનક જ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી જવા રવાના થતા તેઓની આ મુલાકાત અંગે તર્ક વિતર્કો થઈ રહ્યા છે.આમ તો સીએમની નરેન્દ્ર મોદી સાથે થયેલી મુલાકાતમાં તેઓના હાથમાં એક ફાઈલ દેખાઈ રહી છે અને મુલાકાત પૂર્ણ થયા બાદ પણ તેઓએ ટવિટ કરીને કહ્યુ છે કે, ગુજરાતના સર્વાંગી વિકાસને લગતા મુદાઓમાં વડાપ્રધાનશ્રીએ માર્ગદર્શન આપ્યુ તેવી ચર્ચાઓ બેઠકમાં થવા પામી છે પરંતુ આ મુલાકાતોના દોરને રાજકીય તજજ્ઞો અલગથી જ જોઈ રહ્યા છે. અહી યાદ અપાવી શકાય કે,ગત સપ્તાહમાં પણ પાટનગરમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ વચ્ચે બેઠકોનો દૌર ચાલુ રહ્યો હતો અને

અનુસંધાન પાના નં.૪ પર

## સીએમની દિલ્હી મુલાકાત બાદ હવે મંત્રીમંડળ વિસ્તરણને લઈને નવી અટકળો

ગાંધીનગર : ગુજરાતમાં પહેલા ભાજપ પ્રદેશ પ્રમુખ પછી મંત્રીમંડળની પુનઃ રચના એમ ચર્ચા હતી પણ નથી નવા પ્રદેશ પ્રમુખ આવતા નથી રીશફલ થતું તેમાં ભુપેન્દ્રભાઈની દિલ્હી મુલાકાત બાદ નવી ચર્ચા જાગી છે. પ્રદેશ પ્રમુખ નિમાઈ ગયા બાદ પેટાચૂંટણી પહેલા યોજાશે અને તે પછી રીશફલ થશે. આમ જૂન માસની નવી મુદત આવી છે. જો કે ભાજપનું અહેક વર્તુળ તો કહે છે કે રીશફલની જરૂર જ શું છે સરકાર ચાલે છે ટનાટન ચાલે છે અને ઓછા લોકોથી વધુ સારી ચાલે છે અને નવા ચહેરા આવ્યા પછી તેની ચિંતા કરવી તે કરતા પુર્વે હાલ ચાલે છે તો ચાલવા દો...

## ગુજરાત પોલીસની જવાબદારી કોના શિરે? અમિત શાહ સાથે મીટિંગમાં બે નામ ફાઈનલ

**ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ દાસ, જીડીપી વિકાસ સહાય દિલ્હીના દરબારમાં ગૃહમંત્રી અમિત શાહને મળી આવ્યા બાદ હવે ગુજરાત પોલીસના નવા વડા અને આઈપીએસ ટ્રાન્સફરનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયા હોવાનું સુત્રો જણાવી રહ્યા છે**

**ટુંક સમયમાં જ ૧૯૮૯ બેંચના આઈપીએસ વિકાસ સહાય નિવૃત થઈ રહ્યા હોય તેમના સ્થાને નવા ડીજીપીની જાહેરાત થવાની શક્યતાઓ સેવાઈ રહી છે**





**આ ઉપરાંત ૧૫ જેટલા એસપી કક્ષાના અધિકારીઓને પણ પોસ્ટીંગ ઓર્ડર અને ૪૦ જેટલા આઈપીએસ ટ્રાન્સફર ઓર્ડર નીકળે તેવી શક્યતા**

ગાંધીનગરઃ ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાય જૂન મહિનામાં વયનિવૃત થવાના છે,ત્યારે પોલીસ વિભાગમાં એવી ચર્ચા છે કે તેમને એક્સટેન્શન મળવાના ચાન્સ ઓછા છે. તેમના પછી સિનિયોરિટી પ્રમાણે આવતા ૧૯૯૧ની બેચના શમશેરસિંઘ ગુજરાતના નવા પોલીસ વડા બની શકે તેમ હતા, કારણ કે તેઓ માર્ચ ૨૦૨૬માં નિવૃત્ત થાય છે, પરંતુ તેમને ડેપ્યુટેશન પર દિલ્હી લઈ જવામાં આવ્યા છે. બીજા સિનિયર આઈપીએસ અધિકારી મનોજ અગ્રવાલ છે, પરંતુ તેઓ સપ્ટેમ્બર મહિનામાં નિવૃત્ત થવાના છે. આ સંજોગોમાં ડો. કે લક્ષ્મી નારાયણ રાવ અને જ્ઞાનેન્દ્રસિંઘ મલિક અગ્રક્રમે આવે છે. આ બન્ને અધિકારીઓ અનુક્રમે ઓક્ટોબર ૨૦૨૭ અને નવેમ્બર ૨૦૨૮માં નિવૃત્ત થવાના છે. એટલે કે નવા પોલીસ વડા જે કોઈ આવશે તેમનો ટેન્યોર એક વર્ષ કરતાં વધારે હશે. છેલ્લા ઘણાં સમયથી પોલીસ વિભાગમાં અધિકારીઓની બદલીની પ્રક્રિયા પાછી ઠેલાતી જાય છે. આઈબી અને ક્રાઈમ બ્રાન્ચ જેવી અનેક સંખ્યાબંધ જગ્યાઓ ખાલી પડી છે. સચિવાલયમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે, ગૃહ વિભાગમાં બદલીઓ તો ઠીક ૧૫ જેટલા

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાતમાં ફરી થઇ શકે 'ઓપરેશન લોટસ'!

**કડી-વિસાવદર પેટા ચૂંટણી પહેલા ભાજપ AAP-કોંગ્રેસના ધારાસભ્ય તોડી શકે**

ગાંધીનગર :ગુજરાતમાં વિસાવદર અને કડી વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણીઓ આવી રહી છે ત્યારે સત્તાધારી પાર્ટીને બેઠકો ગુમાવવાનો ડર લાગી રહ્યો છે તેથી પાર્ટીના નેતાઓએ ફરી એકવાર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના બાકી બચેલા ધારાસભ્યો પર નજર દોડાવી છે. પક્ષાંતર કરાવવાની ભાજપ ને હવે આદત પડતી જાય છે. પાર્ટીના સિનિયર નેતાઓ પારકાંને પોતાના બનાવે છે

વિધાનસભામાં કોંગ્રેસ પાસે ૧૨ અને આમ આદમી પાર્ટી પાસે ૪ ધારાસભ્યો છે. પાર્ટીના ગેમપ્લાન પ્રમાણે પેટાચૂંટણી આવતાં સુધીમાં વિપક્ષના ૪થી ૫ ધારાસભ્યોને પક્ષપલટો કરાવવા માગે છે. પોતાના બળ ઉપર જીતવાની શક્તિ રહી નહીં હોવાનું ફલિત થઈ રહ્યું છે તેથી પાર્ટીના સિનિયર નેતાઓ પારકાંને પોતાના બનાવે છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને AAPના નેશનલ કન્વીનર અરવિંદ કેજરીવાલ ખુદ વિસાવદરની પેટાચૂંટણીમાં પ્રચાર કરવા આવે એવી શક્યતા વચ્ચે AAPના ત્રણ ધારાસભ્યને ભાજપમાં ખેંચી લાવવા 'ઓપરેશન લોટસ' શરૂ કરી દીધાની સૂત્રો પાસેથી માહિતી મળી છે. અંગત સૂત્રો મુજબ AAPના ત્રણ ધારાસભ્યમાં બોટાદના ઉમેશ મકવાણા, જામજોધપુરના હેમંત ખવા અને ગારિયાધારના સુધીર વાઘાણી ભાજપના નિશાના પર છે.નોંધનીય છે કે, ભૂપત ભાયાણીએ રાજીનામું આપી દેતાં વિસાવદરમાં બેઠક ખાલી પડી હતી. તેમજ કરશન સોલંકીના નિધનના કારણે કડી વિધાનસભા બેઠક ખાલી પડી હતી. જોકે, આમ આદમી પાર્ટી તરફથી વિસાવદર બેઠક પરથી પહેલાંથી જ ઉમેદવાર જાહેર કરી દેવામાં આવ્યા છે. વિસાવદર બેઠક પરથી ગોપાલ ઈટાલિયા પેટા ચૂંટણી લડશે. જ્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે વિસાવદર અને કડી વિધાનસભાની

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાત સરકારની યુસીસી કમીટીને કાયદાકીય પડકાર

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ઉત્તરાખંડ બાદ દેશમાં યુસીસી લાગુ કરવા માટે કમીટીની રચના કરવામા આવી હતી તે કમીટીની સામે હવે પડકાર ફેકવામાં આવ્યો છે. આ મામલે મળતી વધુ વિગતો અનુસાર કમીટીની જે રચના થઈ છે તેની સામે અરજદારે હાઈકોર્ટમાં અરજી કરી છે અને કહ્યુ છે કે, નવેસરની આ કમીટની રચના કરવામા આવે. નવી કમીટીમાં તમામ સમુદાયના લોકોને સ્થાન આપવામાં આવે. આ કમીટીમાં નિષ્ણાતોનો પણ સમાવેશ કરવામા નથી આવ્યો છે. લઘુમતી સમુદાયના પણ પ્રતિનિધીને કમીટીમાં નથી લેવામા આવ્યા. આગામી સમયમાં આ અરજી પર હાઈકોર્ટમાં સુનાવણી થવા પામી શકે છે.

## કેન્દ્રીય મંત્રી ગડકરી હોર્નને લઈને લાવશે કાયદો

**રસ્તા પર હોર્નનો કર્કશ અવાજ નહી, બાંસુરી, વાયોલીનનો મધુર ધ્વનિ વાગશે!**

નવી દિલ્હી : હવે તમે રસ્તામાં ચાલતા હશો તો હોર્નનો કર્કશ અવાજ નહીં સંભળાય પણ બાંસુરી, વાયોલીન, તબલા, હાર્મોનિયમના અવાજો સંભળાશે! કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સોમવારે જણાવ્યું હતું કે, તે એવો કાયદો લાવવાની યોજના બનાવી રહ્યા છે, જેમાં વાહનોમાં હોર્નના કર્કશ અવાજની જગ્યાએ બાંસુરી, તબલા, વાયોલીન અને હાર્મોનિયમના ધ્વનિ સાંભળવા મળશે.કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ જણાવ્યું હતું કે, આ કાયદા અંતર્ગત બધા વાહનોના રૂપમાં માત્ર ભારતીય સંગીત વાદ્યયંત્રોની ધ્વનિનો ઉપયોગ થશે. આથી હોર્ન સાંભળવા સુખદ લાગશે.

## અમેરિકનો પર ટેરીફનો તાપ શરૂ!

વોશિંગ્ટનઃ છેલ્લા બે માસથી દુનિયાના તમામ દેશો સામે ટેરીફ વોર છેડનાર અમેરિકાએ હવે ઈમ્પોર્ટ-સ્પેસીફીક ટેરીફમાં નવો રેકોર્ડ કર્યો છે અને દક્ષિણપુર્વ એશિયામાંથી અમેરિકામાં થતી સોલાર પેનલ અથવા તે સંબંધી આયાત પર ૩૫૨૧% ટેરીફ લાદયો છે.દેશના ઉત્પાદકોને સુરક્ષા આપવા અમેરિકાએ આ ઉંચા ટેરીફની જાહેરાત કરી છે. ખાસ કરીને કમ્બોડીયા, મલેશિયા, વિયેતનામ, થાઈલેન્ડ જેવા દેશો સોલાર ઉત્પાદકોને નિકાસ માટે પ્રોત્સાહીત કરવા સ્થાનિક સરકાર મોટી સબસીડી આપે છે અને તેથી તમો જે સોલાર ઈકવીપમેન્ટ અમેરિકામાં નિકાસ કરે છે તે ભાવ અમેરિકામાં ઉત્પાદન ખર્ચ કરતા પણ નીચો છે.

## શું હિમાલયન બેલ્ટમાં આવશે ૮થી વધુ તીવ્રતાવાળો ભૂકંપ?



નવી દીલ્હી :મ્યાનમારમાં ૨૮મી માર્ચના રોજ ૭.૭ની તીવ્રતાના આવેલા ભૂકંપે આખા દેશમાં જબરદસ્ત તબાહી મચાવી. આ વિનાશક ભૂકંપે ત્રણ હજારથી પણ વધુ લોકોનો જીવ લીધો, જ્યારે ૫ ાંચ હજારથી પણ વધુ લોકો ઈજા પામ્યા. આ ભૂકંપની અસર ફક્ત મ્યાનમાર પૂરતી જ મર્યાદિત રહી ન હતી, પરંતુ પડોશી દેશ થાઈલેન્ડમાં પણ વર્તાઈ હતી. તેમા પણ ૧૭ના મોત થયા હતા. આ ભૂકંપ સ્ટ્રાઈક-સ્લિપ ફોલ્ટના લીધે આવ્યો હતો. તેમા જમીનના બે હિસ્સા ક્ષિતિજની દિશામાં એકબીજા પાસે ખસકે છે. વૈજ્ઞાનિકોના જમાવ્યા મુજબ આ ભૂકંપે ૩૦૦ પરમાણુ બોમ્બ જેટલી ઉર્જા છોડી હતી. તેના કારણે મચેલી તબાહીમાં કેટલાય પુલ પડી ગયા, કેટલીય બહુમાળી ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ. કેટલાય કુટુંબો કાટમાળની નીચે દફન થઈ ગયા. ભૂકંપ પછીની તસ્વીરોએ આખા વિશ્વને હચમચાવી દીધુ હતુ.

આવી જ તસ્વીરોએ વિશ્વને ૨૦૦૧માં ભારતમાં ગુજરાત ખાતે ભુજમાં આવેલા ભૂકંપ વખતે હચમચાવી દીધુ હતુ. આ ભૂકંપ ભૂજમાં હતો પણ તેનો આંચકો છેક ૩૧૦ કિ.મી. દૂર અમદાવાદમાં એવો અનુભવાયો હતો કે અમદાવાદની કેટલીય ઈમારતો ધ્વસ્ત થઈ હતી. અમદાવાદમાં જ ભૂકંપથી હજારો લોકો મૃત્યુ પામ્યા હતા. છેક મુંબઈ એટલે કે ૮૦૦ કિ.મી. દૂર તેના આંચકાની અસર અનુભવાઈ હતી. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૭ની હતી.વૈજ્ઞાનિકો છેલ્લા કેટલાક વર્ષોથી ધ ગ્રેટ હિમાલયન અર્થકવેકની આગાહી કરી રહ્યા છે. તેઓનું કહેવું છે કે હિમાલયની તળેટીમાં ૮ કે તેનાથી પણ વધુ તીવ્રતાવાળો ભૂકંપ આવી શકે છે. આ ભૂકંપ આખા ઉત્તર ભારતમાં બરબાદી નોતરી શકે છે. હાલમાં આવી કોઈ સંભાવના નથી, પરંતુ મ્યાનમારમાં આવેલા ભૂકંપે બતાવી દીધું છે કે હિમાલયન બેલ્ટ પણ હવે આ ભૂકંપથી અછૂતો નથી.

અમેરિકન ભૂવૈજ્ઞાનિક રોજર બિલહમે તાજેતરમાં જણાવ્યું હતું કે ભારત દરેક સદીમાં તિબેટની નજીક બે મીટર ખસે છે, પરંતુ કમનસીબે તેનો ઉત્તરનો કિનારો જોઈએ તેવી ઝડપથી ખસતો નથી, પરંતુ ઘર્ષણના કારણે સેકંડો વર્ષો સુધી અટકેલો રહેતો છે. હવે આ ઘર્ષણ અચાનક અટકે

અનુસંધાન પાના નં.૪ પર

## દરિયાઇ ટ્રાન્સપોર્ટેશનમાં કન્ટેનરના ભાવમાં વધારો : વહન માટે પણ વેઇટિંગ



**૨૦ ફૂટના કન્ટેનરનો ચાર્જ ૨૦૦૦થી ૨૨૦૦ ડોલર વસૂલાતો હતો તે હવે ૨૮૦૦ ડોલર થઇ ગયો છે. જ્યારે ૪૦ ફૂટના કન્ટેનરનો ચાર્જ ૨૪૦૦ ડોલર હતો તે વધીને ૩૦૦૦ ડોલર થઇ ગયો છે : ૯૦ દિવસ સુધી ટ્રમ્પે ચાઇના સિવાયના દેશો પરની ટેરિફ સ્થગિત કરતા ધસારો વધ્યોઃ તમામ કન્ટેનર અમેરિકા તરફ જઇ રહ્યા હોવાથી દુનિયાના અન્ય દેશોની આયાત નિકાસ માટે પણ કન્ટેનરની અછત ઊભી થઇ છે**

નવી દિલ્હીઃ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાનું સૂકાન સંભાળ્યું તે દિવસથી વિશ્વભરના દેશોને અસર કરતા નિર્ણય લઈ રહ્યા છે. તમામ દેશોમાંથી અમેરિકામાં આવતા માલ પર ટેરિફ વધારવાનીજાહેરાત કરી દેવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૪ પર

## તિકડમ !
– દેવેન વ્યાસ




## ઝારખંડમાં આઠ નક્સલવાદી ઠાર

રાંચી : ઝારખંડના બોકારો જિલ્લામાં સોમવારે સીઆરપીએફ અને પોલીસના કોબરા કમાન્ડોની સાથે થયેલી જૂથ અથડામણમાં ઉગ્રવાદીઓની ઉચ્ચ કેન્દ્રીય સમિતિના સભ્ય સહિત આઠ નક્સલવાદી ઠાર થયા છે. જેમાં રૂપિયા એક કરોડનું ઈનામ ધરાવતા નક્સલીનો પણ સમાવેશ થતો હતો.સુરક્ષા દળના અધિકારીઓએ કહ્યું કે, જિલ્લાના લાલપનિયા વિસ્તારના લુગુ હિલ્સમાં સવારે લગભગ ૫-૩૦ કલાકે ફાયરિંગ શરુ થયું હતું.

## રશિયન રાષ્ટ્રપતિ પ્રથમ વખત યુક્રેન સાથે શાંતિવાર્તા માટે તૈયાર

નવી દીલ્હી : રશિયા અને યુક્રેન વચ્ચે મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધનો અંત ક્યારે આવશે તેને લઈને હજુ સુધી અસમંજસતા છે. એવામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પહેલીવાર શાંતિવાર્તા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. પુતિને રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ઈસ્ટરને ધ્યાને રાખી ૩૦ કલાકના યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. જે બાદ ૨૦મી એપ્રિલે ફરી બંને દેશો વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. રશિયા અને યુક્રેન બંને દેશો એકબીજા પર યુદ્ધવિરામના ભંગનો આરોપ લગાવી રહ્યા છે. પુતિને જ્યારે યુદ્ધવિરામની જાહેરાત કરી હતી ત્યારથી જ યુક્રેને આ જાહેરાતને એક નાટક ગણાવ્યું હતું. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે રશિયા યુદ્ધવિરામ કરશે તો અમે શાંત રહીશું પણ જો હુમલો થયો હતો જવાબ જરૂર મળશે.ઝેલેન્સ્કી અને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે અગાઉ યુદ્ધવિરામની ઈચ્છા દર્શાવી હતી.

## ૨૦૦ બોગસ લાઇસન્સને આધારે હથિયારો, કારતૂસની ખરીદી થઇઃ એટીએસનો ધડાકો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : બોગસ લાઈસન્સના આધારે હથિયારો-કારતૂસ ખરીદીનો આંક પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે ગ્રામ્ય કોર્ટમાં એટીએસએ કરેલી એફિડેવિટમાં એવો ઘટસ્ફોટ કર્યો છે કે, મુખ્ય આરોપીઓએ ગુજરાતમાં ૧૫૦થી ૨૦૦ બોગસ લાઈસન્સ અપાવ્યા હતા.

જેના આધારે મોટા પાયે હથિયારો-કારતૂસની ખરીદી થઈ છે. હાલ પોલીસે જપ્ત કરેલા હથિયાર હ્લજીન્માં મોકલી આપ્યા છે, પરંતુ તેનો અભિપ્રાય આવવાનો બાકી છે. બીજી તરફ મંગળવારે બોગસ હથિયાર લાઈસન્સ કૌભાંડમાં સાત આરોપીની જામીન અરજી પર સુનાવણી યોજવામાં આવશે.

બોગસ લાઈસન્સના આધારે હથિયાર-કારતૂસ ખરીદી કરવાના કેસમાં ઝડપાયેલા જયેશ ઉર્ફે નનુ દેવાભાઇ સરૈયા, કનુભાઇ વનાભાઇ ગમારા, પિયુષ ઉર્ફે બલ્લુ હિરાભાઇ દેસાઇ, સતિષ મોહનભાઇ ગમારા, રમેશભાઇ કુંવરાભાઇ વરુ, અશોક રમેશભાઇ કલોત્રા અને ઉમેશ ઉર્ફે બાબુ ડાહ્યાભાઇ આલે જામીન મેળવવા અરજી કરી છે.

## મહારાષ્ટ્રના રાજકારણમાં ભૂકંપઃ ઠાકરે બાદ હવે પવાર પરિવારમાં 'સમાધાન'ની ચર્ચા

મુંબઈ : મહારાષ્ટ્રના રાજકારણમાં વાતાવરણ ગરમાયું છે. એક તરફ, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે મુલાકાતના સમાચાર છે. તો હવે મહારાષ્ટ્રમાં શરદ પવાર અને અજિત પવારના એકસાથે આવવાની અટકળો ફરી એકવાર તેજ બની છે. છેલ્લા કેટલાક દિવસોમાં બંને નેતાઓ ઘણી વખત એક જ મંચ પર સાથે દેખાયા છે. તાજેતરનો કિસ્સો સોમવારે બન્યો, જ્યારે રાષ્ટ્રવાદી કોંગ્રેસના વડા શરદ પવાર અને તેમના ભત્રીજા, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર, પખવાડિયામાં ત્રીજી વખત સ્ટેજ શેર કરી રહ્યા હતા. આ વખતે બંને એક જ મંચ પર કૃષિ અને ખાંડ ઉદ્યોગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ અંગે ચર્ચા કરતા જોવા મળ્યા. તાજેતરના અઠવાડિયામાં બંને પહેલી વાર તેમના પુત્ર જય પવારની સગાઈમાં મળ્યા હતા. આ અંગે તેમણે કહ્યું કે પરિવારો સગાઈ જેવા પ્રસંગોએ ભેગા થાય છે અને તેમને અન્ય કોઈ દ્રષ્ટિકોણથી અર્થઘટન કરવાની જરૂર નથી.અજિત પવારે સતારામાં રાયત શિક્ષણ સંસ્થાના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ વિભાગના અધિકારીઓ સાથે રીવ્યુ બેઠક યોજી

## સસ્તા અનાજની દુકાનો પર અનાજના વિતરણ વ્યવસ્થા અંગે ચર્ચા કરાઈ

ગાંધીનગરઃ રાજ્યમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા દર મહિને સસ્તા અનાજની દુકાનો પરથી રેશનકાર્ડ ધારકોને આપવામાં આવતા અનાજ સમયસર મળી જાય તે પ્રકારની વિતરણ વ્યવસ્થા સઘન બનાવવા માટે આજે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા એ વિભાગના અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

આજે ગાંધીનગર ખાતે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ની અધ્યક્ષતામાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક યોજી વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. અન્ન અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ના અધ્યક્ષ સ્થાને અધિકારીઓ સાથે યોજાયેલી રીવ્યુ બેઠકમાં અન્ન અન અને નાગરિક પુરવઠા મંત્રીએ રાજ્યમાં આવેલી સસ્તા અનાજની દુકાનો પર થી રેશનકાર્ડ ધારકોને આપ વામાં આવતા અનાજનો જથ્થો સમયસર મળી રહે તે પ્રકારની વિતરણ વ્યવસ્થા ગોઠવવા માટે માર્ગદર્શન આપીને સુચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યમાં જિલ્લા પુરવઠા અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવતી ચકાસણીને વધુ સઘન બનાવીને પેટ્રોલ પંપ સહિત અન્ય સ્થળોએ ચેકિંગ વ્યવસ્થા સઘન બનાવવા માટે પણ જિલ્લા પુરવઠા અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## કૈલાસ માનસરોવરની યાત્રા જુલાઈથી શરૂ

હલદ્વાની તા.૨૨ કૈલાસ માન સરોવર યાત્રા આ વખતે જુલાઈ માસથી શરૂ થશે. સોમવારે દિલ્હીમાં યોજાયેલી વિદેશ મંત્રાલય, કુમાઉ મંડલ વિકાસ નિગમ (કેએમવીએન), સિક્કીમ ટુરીઝમ અને ચીનના અધિકારીઓની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.બેઠકમાં નિગમના અધિકારીઓએ જૂન સુધીમાં બધી તૈયારીઓ પુરી કરવાની વાત કરી હતી. બેઠકમાં ભારતીય સેના, આઈટીબીપીના અધિકારીઓની સાથે સ્વાસ્થ્ય વિશેષજ્ઞ પણ હાજર હતા.

# ઠગાઈના ગુનામાં રપ વર્ષ બાદ આરોપી પડાયો

**ભુજના શખ્સની અમદાવાદથી ધરપકડ કરાઈ**



ગાંધીધામ : અંજાર પોલીસમાં નોંધાયેલા ઠગાઈના ગુનામાં ૨૫ વર્ષથી ફરાર આરોપીની ધરપકડ થઈ છે. પોલીસે મૂળ ભુજના સહજાનંદ કોમ્પ્લેક્સમાં રહેતા વિસ્યાંગ કશ્યપભાઈ બક્ષીની અમદાવાદથી ધરપકડ કરી છે. આરોપી ઠગાઈના ગુનામાં પોલીસ ધરપકડથી બચવા ફરાર રહી મુંબઈ, વડોદરા, અમદાવાદ ખાતે છુપાતો હતો. પોલીસે પીછો કરીને તેને ઝડપી લીધો હતો. મહત્ત્વનું છે કે, એસપી સાગર બાગમાર દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ટીમ બનાવાઈ છે. આ ટીમ દ્વારા આરોપીને ઝડપી લેવાયો હતો.

# રાજ્યભરમાં ૨૪મી એ ખાસ ગ્રામસભાઓનું આયોજન

ગાંધીનગરઃ ૨૪ મી એપ્રિલ ના રોજ પંચાયતી રાજ દિવસની ઉજવણી ના ભાગરૂપે ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ ગ્રામસભા નું આયોજન કરવાના આદેશો રાજ્ય સરકારે જારી કર્યા છે.

પંચાયત વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સવારે ૧૧:૦૦ વાગે આ ગ્રામસભા યોજાશે જેમાં બિહારના મધુબની ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગ્રામસભાઓને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે રાજ્યકક્ષાનું ગ્રામસભા અભિયાનનો કાર્યક્રમ મહેસાણા જિલ્લાના આખજ ગામ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ તેમજ પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ હાજરી આપશે.

આ ગ્રામ સભામાં રાજ્ય કક્ષાએ પંચાયતમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગી નું સન્માન પણ કરવામાં આવનાર છે આ ઉપરાંત શ્રેષ્ઠ પદાધિકારી તરીકે કામગીરી કરનારનું પણ સન્માન કરશે.

# આમ આદમી પાર્ટી દિલ્હીમાં મેયરની ચૂંટણી નહીં લડે

નવી દિલ્હી : આમ આદમી પાર્ટીએ મોટી જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ હવે આમ આદમી પાર્ટીએ દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશન (MCD)ની ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો છે. આ અંગેની જાહેરાત ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન આતિશી અને દિલ્હીના છના સંયોજક સૌરભ ભારદ્વાજે કરી હતી. મેયર અને ડેપ્યુટી મેયરપદની ચૂંટણી ૨૫ એપ્રિલે યોજાશે. આતિશીએ જણાવ્યું હતું કે 'મ્ન જ્યાં-જ્યાં ચૂંટણી હારે છે ત્યાં ષડયંત્રો રચીને અન્ય પક્ષને તોડે છે અને સરકાર બનાવે છે. સ્ઝ્ઢમાં રી-યુનિફિકેશન કરાવીને વૉર્ડ ૨૭૨થી ઘટાડીને ૨૫૦ કર્યા, ચૂંટણીમાં વિલંબ કર્યો, ડી-લિમિટેશન લાગુ કર્યું. ગુજરાત, ગોવા, કર્ણાટક સહિત કોઈ પણ રાજ્ય જોઈ લો. તેમણે આ પ્રકારનું ષડયંત્ર રચીને રાજકારણ કર્યું છે. અમે આ પ્રકારનું રાજકારણ રમવા માગતા નથી. BJP MCDમાં પોતાની સરકાર બનાવે. કેન્દ્ર અને રાજ્યમાં તેમની સરકાર છે.

# અમારા પર સંસદની કામગીરીમાં દખલના આરોપ લાગી રહ્યા છે : સુપ્રીમ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદાના સુધારા બાદ મુર્શિદાબાદમાં હિંસા ફાટી નીકળી હતી, જેને પગલે બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માગ કરતી એક પીઆઈએલ સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. આ માગણીને ફગાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તમે ઈચ્છો છો કે અમે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા આદેશ આપીએ, અમારા પર અગાઉથી જ કાર્યપાલિકાના ક્ષેત્રમાં દખલ દેવાનો આરોપ લાગી રહ્યો છે.વકીલ વિષ્ણુ શંકર જૈન તરફથી આ પીઆઈએલ કરાઇ હતી જેમાં તેમણે બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માગણી કરી હતી. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તામિલનાડુમાં ૧૦ જેટલા બિલોને લટકાવી રાખવા બદલ રાજ્યપાલની ઝાટકણી કાઢી હતી. સાથે જ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ માટે બિલોની મંજૂરી માટે સમય મર્યાદા નક્કી કરી હતી. સુપ્રીમના આ નિર્ણયની ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ દ્વારા ટિકા કરાઇ હતી, જ્યારે ભાજપના કેટલાક સાંસદોએ પણ તેની ટિકા કરી હતી. જેને પગલે હવે જ્યારે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માગ પર સુનાવણી ચાલી રહી હતી ત્યારે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બીઆર ગવઈએ કહ્યું હતું કે અમારા પર તો પહેલાથી જ કાર્યપાલિકામાં દખલ દેવાના આરોપ લાગી રહ્યા છે

# ચરાડવામાં દુષ્કર્મ કેસમાં મામા-ભાણેજને ૧૦ વર્ષની સજા

નવી દિલ્હી : વર્ષ ૨૦૧૬ માં એક યુવતી ને નર્સિંગનો અભ્યાસ કરવો હોવાથી એડમીશન મેળવવા હળવદના ચરાડવામાં આવેલા ગુરુકુળમાં ગઈ હતી જે તે વખતે ગુરુકુળના સંચાલક લલિત મકનભાઈ પટેલ હાજર હોય જેથી એડમીશન ની વાત ચિત માટે ઓફિસમાં જતા લલિતે ગુરુકુળના નિયમ સમજવાના નામે વાતચીત શરુ કરી હતી બાદમાં અચાનક તે છાત્રાની પાસે આવીને બેસી ગયો હતો જેથી જે તે વખતે છાત્રા એ દુર બેસવાનું કહેતા એડમીશન લેવું હોય તો આવું તો રહેશે તેમ કહી તેની સાથે બળજબરી કરી હતી જેથી ભોગ બનનાર છાત્રાએ બચાવનો પ્રયાસ કરતા આરોપીએ પોતાની રીતે બળજબરીથી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને પોતાની લાગવગ ઉચી હોવાનું કહી કોઈને કહેશે તો જિંદગી બગડી નાખશે તેવી ધમકી આપી બીજા દિવસે ફરી આવવાનું કહી ધમકાવી હતી જેથી બદનામીના ડરે ફરી છાત્રા ત્યાં પહોચી હતી જોકે તે સમયે લલિત પટેલ હાજર ન હતો પરંતુ તેનો ભાણેજ અલ્કેશ મણીલાલ પટેલ હાજર હતો તે આ ઘટનાથી જાણતો હોવાથી તેની સાથે રહેલા અન્ય એક વ્યક્તિને બહાર મોકલી દીધો હતો બાદમાં તેને આ છાત્રાને દબાવવા પ્રયાસ કર્યો અને મારા મામા સાથે નહી પણ મારી સાથે સંબંધ રાખ હું તને ગુરુકુળનો બધો ચાર્જ આપી દઈશ તેમ કહી પહેલા લાલચ આપી હતી જોકે છાત્રા એ મનાઈ કરતા ગુસ્સે ભરાઈ તેની સાથે બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતું આ દરમિયાન જેમ તેમ કરી ત્યાંથી નીકળી ગઈ હતી જોકે બન્ને આરોપીઓએ આ રીતે ધમકી આપતા યુવતીએ આરોપીઓ વિરુદ્ધ ૨૦૧૮માં હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી હતી જેના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોધી ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ વિરુદ્ધ તપાસ પૂર્ણ કરી વર્ષ ૨૦૧૯માં ચાર્જસીટ ફાઈલ કરતા કેસ મોરબી ની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં તબદીલ થઈ ગયો હતો.

# કોર્ટે રાહુલ ગાંધીની નાગરિકતા મામલે કેન્દ્ર પાસે દસ દિવસમાં રિપોર્ટ માંગ્યો

લખનઉ : લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની નાગરિકતાને લઈને દાખલ કરવામાં આવેલી અરજીને લઈને અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેંચે કડક વલણ અપનાવ્યું છે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને દસ દિવસની અંદર નાગરિકતા અંગે સ્પષ્ટ અહેવાલ આપવાનો આદેશ આપ્યો છે. કર્ણાટકના ભાજપ કાર્યકર્તા એસ વિગ્નેશ શિશિર દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર જસ્ટિસ એ.આર. મસૂદી અને જસ્ટિસ રાજીવ સિંહની ડિવિઝન બેન્ચે આ આદેશ આપ્યો છે. આ પહેલાની સુનાવણી દરમિયાન ડેપ્યુટી સોલિસિટર જનરલ એસબી પાંડેએ કોર્ટને જણાવ્યું કે, સંબંધિત મંત્રાલયે યુકે સરકારને કથિત બ્રિટિશ નાગરિકતા વિશે વિગતો માંગવા પત્ર લખ્યો છે. તેથી સરકારને ફરિયાદ પર નિર્ણય લેવા માટે સમયની જરૂર છે.અરજદારે દલીલ કરી હતી કે, તેમની પાસે બ્રિટિશ સરકારના તમામ દસ્તાવેજો અને કેટલાક ઈ-મેલ છે જે સાબિત કરે છે કે, રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે. આ તમામ કારણોને લીધે રાહુલ ગાંધી ચૂંટણી લડવા અને સાંસદ તરીકે ચાલુ રહેવા માટે અયોગ્ય છે.

# દેશમાં બાળ તસ્કરીનું દૂષણ, સ્થિતિ બદથી બદતર થઈ રહી છેઃ સુપ્રીમ

નવી દિલ્હી : બાળ તસ્કરીનું દૂષણ દેશભરમાં વકરી રહ્યું હોવા બાબતે ચિંતા વ્યક્ત કરીને સુપ્રીમ કોર્ટે આ મામલે ઝડપી કાર્યવાહી કરવા અને સૂત્રધારને ઝડપી લેવા દિલ્હી પોલીસને નિર્દેશ આપ્યા હતા.

બાળ તસ્કરી ડામવાના પોલીસના પ્રયાસો વચ્ચે સ્થિતિ બદથી બદતર થઈ રહી હોવાનું અવલોકન કરી સુપ્રીમ કોર્ટે ત્રણ મિસિંગ નવજાત બાળકોને શોધવા અને ગેંગ લીડર પૂજાની ધરપકડ કરવા દિલ્હી પોલીસને તાકીદ કરી હતી. દિલ્હીના દ્વારકા વિસ્તારમાં નવજાત બાળકોની તસ્કરીના કેસમાં જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. બાળ તસ્કરીમાં પરિવાર કે માતા-પિતાનીસંડોવણીહોવાનોખુલાસો પોલીસ તપાસ દરમિયાન થયો હતો. આ બાબતે ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, નવજાત બાળક દીકરી હશે તો તેની સાથે શું થશે તે કહેવાની જરૂર નથી.

આ મામલે ઝડપી કાર્યવાહી માટે પોલીસને નિર્દેશ આપીને કોર્ટે ચાર અઠવાડિયા પછી વધુ સુનાવણી રાખી છે. દિલ્હી પોલીસને કડક તાકિદ કરતાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યુ હતું કે, કોઈ પણ ભોગે મિસિંગ બાળકોને શોધવાના છે અને સૂત્રધારની ધરપકડ કરવાની છે. અગાઉ ૧૫ એપ્રિલે સુપ્રીમ કોર્ટે ચાઈલ્ડ ટ્રાફિંગના આંતરરાજ્ય કેસમાં નોંધપાત્ર ચુકાદો આપ્યો હતો.

જેમાં ૧૩ આરોપીઓના જામીન રદ કરી દેવાયા હતા. જામીન રદ કરતાં કોર્ટે ઠરાવ્યુ હતું કે ન્યાય માટે પીડિતોનું આક્રંદ સંભળાય છે.

# સ્ટેટ મોનિટરિંગ સેલે સુરત નજીક ટ્રકમાંથી ૬૮ કિલો ગાંજો ઝડપી લીધો

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સુરત નજીકના સોનગઢ – પલસાણા રોડ પર એક ટ્રકમાંથી ૬૮ કિલો ગાંજો ઝડપી લીધો હતો. ટ્રકમાં કોલકાતાથી પાઈપ ભરીને આવતા ટ્રક ડ્રાઈવર, ક્લીનર અને ટ્રકના માલિકે ઓડિશાથી ગાંજો પણ લીધો હતો. જે અમરેલીના રાહીલે મગાવ્યો હોવાનું ખૂલ્યું છે. પોલીસે ગાંજો મગાવનારની તલાશ શરૂ કરી છે.સ્ટેટ મોનિટરિંગ સેલના નિર્લિપ્ત રાય અને કે.ટી. કામરિયાને બાતમી મળી હતી કે દક્ષિણ ગુજરાતમાં સોનગઢથી પલસાણા તરફ એક ટ્રકમાં ગાંજાનો મોટો જથ્થો જવાનો છે. તેથી પોલીસ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળા ટ્રકને અટકાવીને તપાસ કરતાં ટ્રકમાંથી પ્રતિબંધિત ૬૮ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજા સાથે ટ્રક ડ્રાઈવર ફરાન ઉર્ફે સાહિલ હાજીભાઈ મેતર, ક્લીનર જયદિપ વિનુભાઈ અને ટ્રકના માલિક રજાક રહીમભાઈ અલ્લારખા સૈયદને ઝડપી લીધા હતા. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેઓ ત્રણે સામાન લઈને કોલકાતા ગયા હતા.

# ગુજરાતની ચાર વૈશ્વિક હેરિટેજ સાઇટ્સ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણ

## વર્ષ દરમ્યાન ૧.૬૦ લાખથી વધુ પ્રવાસીઓએ ધોળાવીરાની લીધી મુલાકાત : ચાર હેરિટેજ સાઈટની વિશેષ સાર સંભાળની સાથે આ સ્થળોએ પ્રવાસીઓ માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તેમજ પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમાં ગુજરાતની આ ચાર હેરિટેજ સાઈટ વર્લ્ડ હેરીટેજ સાઈટની વિશેષ સાર સંભાળની સાથે આ સ્થળોએ પ્રવાસીઓ માટે યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે ગત વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧૨.૮૮ લાખથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ આ ચાર સાઈટની મુલાકાત લીધી હતી. જેમાં સૌથી વધુ ૭.૧૫ લાખથી વધુએ હેરિટેજ સિટી અમદાવાદ જ્યારે ૩.૬૪ લાખથી વધુ પ્રવાસીઓએ રાણીકીવાવ-પાટણ ઉપરાંત ૧.૬૦ લાખથી વધુ પ્રવાસીઓએ ધોળાવીરા તેમજ ૪૭ હજારથી વધુ પ્રવાસીઓએ ચાંપાનેરની મુલાકાત કરી હતી.

વૈશ્વિક સંસ્થા યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન-યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં દર વર્ષે ૧૮ એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં પણ સ્થાપત્ય, ઈતિહાસ, જળ વ્યવસ્થાપન, કલા, શ્રેષ્ઠ નગર આયોજન જેવા વિષયોને કેન્દ્ર સ્થાને રાખીને યુનેસ્કો દ્વારા ચાંપાનેર, રાણીકી વાવ, અમદાવાદ સિટી અને ધોળાવીરા એમ ચાર સાઈટને વર્લ્ડ હેરિટેજ-વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે. ધોળાવીરા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખડિર બેટમાં આવેલું ગામ છે. સ્થાનિક લોકો તેને 'કોટડો' કે 'કોટડા ટીંબો' કહે છે. આ ગામની બાજુમાં હડપ્પન સંસ્કૃતિનું લુપ્ત થયેલું પ્રાચીન મહાનગર મળી આવ્યું છે. ૧૯૬૭-૬૮ના સમયમાં ભારતીય પુરાતત્વવિદ્ જગતપતિ જોષી દ્વારા આપણને આ વિરાસતની માહિતી મળી હતી. યુનેસ્કોએ ધોળાવીરાને વર્ષ ૨૦૨૧માં વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર કર્યું છે. આ નગરની બાંધણી, મુખ્યત્વે ચોરસ અને લંબચોરસ પથ્થરોથી થયેલી જોવા મળે છે. આ લુપ્તનગર ૫,૦૦૦ વર્ષ જૂનું સિંધુ ખીણ સંસ્કૃતિવાળું હશે એમ માનવામાં આવે છે. આ નગર ૫૦ હજારની વસ્તીવાળું હોવાનું અનુમાન કરી શકાય છે. સ્વદેશ દર્શન ૨.૦માં ધોળાવીરાને આવરી લઈને વિવિધ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરાશે. ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટ ધોળાવીરાની સર્વગ્રાહી વિકાસ માટે પસંદગી કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ અંતર્ગત ભારતના આવા કુલ ૫૦ સ્થળોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાતના બે સ્થળો ધોળાવીરા અને દ્વારકાની પસંદગી થયેલી છે.

# મ્યાનમારથી બળવાખોર સેના બાંગ્લાદેશમાં ઘુસી!

ઢાંકાઃ ચીન સાથે દોસ્તી કરીને પાકિસ્તાનના માર્ગે જઈ રહેલા પાડોશી બાંગ્લાદેશ માટે ચિંતાના સમાચાર છે. આંતરિક જાતીય હિંસાગ્રસ્ત વધુ એક પાડોશી દેશ મ્યાનમારથી અરાકાન ચાર્મીએ બાંગ્લાદેશની અંદર ૧૦ કી.મી. સુધી અંદર જઈને એક સમારોહમાં હિસ્સો બનતા હવે બાંગ્લાદેશની આ સરહદ પર તેનો કબ્જો કરે તેવા સંકેત છે.મ્યાનમારના લશ્કરી સામે જંગ કરી રહેલ અરાકાન સેના એ હાલમાં જ મ્યાનમારનો રખાઈન પ્રાંત કબ્જે કર્યો છે અને તેના મારફત હવે બાંગ્લાદેશમાં પણ ઘૂસણખોરી કરી રહી છે. વાસ્તવમાં અમેરિકા પણ આ ક્ષેત્રમાં સક્રીય છે અને મ્યાનમારમાં લશ્કરી શાસક સામે બાંગ્લાદેશને લડવા તૈયારી કરી રહ્યું છે અને બાંગ્લાદેશની સેનાએ મ્યાનમારમાં ઘુસવાનું નિશ્ચિત છે.તે પુર્વે જ બળવાખોર આર્મીએ બાંગ્લાદેશમાં ઘુસણખોરી કરી લેતા હવે આ ક્ષેત્રમાં નવા જંગની શકયતા છે. તા.૧૬-૧૭ એપ્રિલ બંદરબન જીલ્લાના યાંચી ક્ષેત્રમાં આ ઘુસણખોરી થઈ હતી.આ ક્ષેત્રમાં બાંગ્લાદેશના ક્ષેત્રમાં આ બળવાખોર સેના તેના યુનિફોમ અને શસ્ત્રો સાથે પહોંચી હતી અને સ્થાનિય સમુદાય સાથે તેઓના સંપર્ક અગાઉથી હતો તે નિશ્ચિત કર્યુ છે અને આ બળવાખોર આર્મીની રાજકીય પાંખ યુનાઈટેડ-લીગ ઓફ અરાકાન એ સ્થાનિક લોકો સાથે સંપર્ક ધરાવે છે.બાંગ્લાદેશે આ ઘુસણખોરી સામે વિદાય દર્શાવી છે. બાંગ્લાદેશ બોર્ડર ફોર્સ શું કરી રહી હતી તે પ્રશ્ન પૂછાવા લાગ્યા છે.

આ ટાપુ દક્ષિણ પુર્વ બાંગ્લાદેશના એક ભાગ છે અને તેની સીમા મ્યાનમારના રખાઈન પ્રાંત સાથે જોડાયેલી છે અને આ પ્રાંત પર બળવાખોરોના કબ્જો છે. આ અરાકાન આર્મીએ એક જાતિય સમૂહ છે જે તેના ક્ષેત્રની સ્વાયતતા માટે લડે છે.

# ભારત પણ ટેરિફના રસ્તે : ચીનનું ડમ્પિંગ રોકવા સ્ટીલ પર ૧૨ ટકા ટેરિફ લાદશે

(એજન્સી દ્વારા)કોટા : ચીન અને અન્ય દેશોમાંથી સસ્તી આયાતમાં વધારાને અટકાવવા એટલે કે ભારતમાં ડમ્પિંગને રોકવા માટે ભારત સ્ટીલની આયાત પર હંગામી ધોરણે ૧૨ ટકા ટેરિફ લાદવા વિચારણા કરી રહ્યું છે. આ ટેરિફને સેફગાર્ડ ડયુટી તરીકે પણ ઓળખવામાં આવે છે. કેન્દ્ર સરકાર આ ટેરિફ લાદવાની તૈયારીમાં હોવાનું એક સરકારી સૂત્રએ જણાવ્યું હતું. ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો સ્ટીલ ઉત્પાદક દેશ છે. આ અધિકારીએ પોતાની ઓળખ નહીં આપવાની શરતે કહ્યું હતું કે, સરકાર શક્ય એટલી વહેલી તકે આ હંગામી-કામચલાઉ ટેરિફ લાગુ કરી શકે છે. ભારત વર્ષ ૨૦૨૪-૨૫માં સતત બીજા વર્ષે ફિનિશ્ડ સ્ટીલનો નેટ આયાતકાર રહ્યો હતો. સરકારના પ્રોવિઝનલ આંકડા મુજબ શિપમેન્ટ ૯૫ લાખ મેટ્રિક ટનની નવ વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું.ગત મહિને ડિરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (ડીજીટીઆર)એ સસ્તી આયાતને રોકવાના પ્રયાસના ભાગરૂપ ૨૦૦ દિવસ માટે કેટલાક સ્ટીલ ઉત્પાદનો પર ૧૨ ટકા ટેરિફની ભલામણ કરી હતી.

ગત વર્ષે ડિસેમ્બરમાં થયેલી તપાસ બાદ આ નિરંકુશ આયાતથી ભારતના સ્ટીલ ઉદ્યોગને નુકશાન થયું છે કે એ જાણીને આ ભલામણ કરવામાં આવી હતી. આ ટેમ્પરરી ટેરિફ ૧૨ ટકા હશે એ સ્પષ્ટ છે અને વહેલી તકે નિર્ણય લેવાય એવી અપેક્ષા હોવાનું અને ડીજીટીઆરની ભલામણમાં આગળ વધવાની યોજના હોવાનું આ બિન-રિપોર્ટેડ યોજના વિશે સૂત્રએ જણાવ્યું હતું.

## પહેલા પાનાથી...

**ગુજરાતના રાજકારણમાં**

હવે નડ્ડાની મુદત પણ તમામ એકસટેન્શન પુરા કરી ચુકી છે. આવી જ રીતે ઉતરપ્રદેશ-ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખોની નિયુક્તિ બાદ જ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિ થશે તે નિશ્ચિત છે. તેથી હવે એપ્રિલ એન્ડ પુર્વે આ પ્રકારની નિયુક્તિ પુર્વે શ્રી પટેલની દિલ્હી મુલાકાત સૂચક છે. વર્તમાન પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પણ દિલ્હીમાં જ છે અને તેથી એ સંકેતત મળે છે કે ભાજપ હવે કોઈ નિર્ણય લેશે. આ વચ્ચે ભાજપ કિશાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી બાબુભાઈ જેબલીયાનું નામ હવે ચર્ચામાં છે.તેઓ મૂળભૂત રીતે આરએસએસ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે અને મોદી પરિવારના છે પણ તેઓ કડવા પાટીદાર છે અને મુખ્યમંત્રી પણ કડવા પાટીદાર હોવાથી ભાજપ બે મહત્વના પદો એક જ સમુદાયને આપે તેવી ધારણા નથી અને પક્ષના સૂત્રોએ પણ નવા પ્રદેશ પ્રમુખ એ સી.આર.પાટીલની જેમ સંગઠનની 'રગ' જાણતા હોય અને સ્પષ્ટ વકતા હોય તે જ હવે પ્રદેશ સંગઠન ચલાવી શકે તેવું જણાવીને જેબલીયાના નામ પર ચોકડી મારે છે. હવે ઓબીસી ચહેરો જ આવશે તેવા સંકેત છે.

**ગુજરાત પોલીસની**

એસપી કક્ષાના અધિકારીઓને પોસ્ટિંગ આપવાનું બાકી છે. એટલું જ નહીં પાંચ પ્રમોટી ડીઆઈજીનું પોસ્ટિંગ પણ પેન્ડિંગ છે. ચર્ચાઇ રહ્યું છે કે જ્યારે પણ પોલીસની બદલીઓ થશે ત્યારે તેની યાદીમાં ૪૦થી વધુ આઈપીએસ અધિકારીઓ હોઈ શકે છે, કારણકે જે અધિકારીને એક જ જગ્યાએ ૩ વર્ષ પૂરાં થયાં છે તેમને પણ બદલવામાં આવી શકે છે. રાજ્યમાં જેમ આઈએએસની બદલીઓ ટલ્લે ચઢી છે તેમ પોલીસની બદલીઓ પણ વિલંબિત થતી જાય છે. પરંતુ અમિત શાહ સાથે હર્ષ સંઘવી, સચિવ એન કે દાસ અને વિકાસ સહાયની મુલાકાત બાદ ટૂંક સમયમાં જ ઓર્ડર નિકળવાની શક્યતા છે.

**ગુજરાતમાં ફરી**

પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન નહીં કરવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસ પણ ખૂબ જ જલ્દી કડી અને વિસાવદર પેટા ચૂંટણી માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરશે.બોટાદના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ નારણભાઈ મકવાણા ટૂંક સમયમાં BJPમાં જોઈન થઈ શકે છે. છેલ્લા ઘણા સમયથી પાર્ટીના નેતૃત્વથી નારાજ હોવાથી પાર્ટીના કાર્યક્રમોમાં પણ હાજર રહેતા નથી. આ મુદ્દે ઉમેશ મકવાણાએ કહ્યું કે, આપને કમજોર કરવા માટે હાલ ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. આવી બધી વાતો પાયાવિહોણી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ભાજપનો બીજો ટાર્ગેટ જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા છે. આ ઓપરેશન પાર પાડવા ભાજપે એક મહિલા સાંસદ અને ગુજરાત સરકારના મંત્રીને કામ સોંપ્યું છે. બંને વચ્ચે મિટિંગ પણ યોજાઇ ગયાની માહિતી મળી છે. તો ખવાએ આ બાબતે સ્પષ્ટતા કરી હોવાનું જાણવા મળે છે કે હું ક્યારેય ભાજપમાં નહીં જઉં. હું વિસાવદરની ચૂંટણીની તૈયારમાં વ્યસ્ત છું. ભાજપમાંથી કોઇએ મારો સંપર્ક નથી કર્યો. જે લોકો મને ઓળખે છે તેઓ મારો સંપર્ક કરે જ નહીં.

**શું હિમાલયન બેલ્ટમાં**

ત્યારે થોડી જ મિનિટોમાં જમીન મોટાપાયા પર ખસે છે, જેને આપણે ભૂકંપના સ્વરૂપમાં અનુભવી શકીએ છીએ.

ઈતિહાસ બતાવે છે કે આ પ્રકારનો ભયાનક ભૂકંબ સો વર્ષે ક્યારેક આવે છે. હવે છેલ્લા સીત્તેર વર્ષથી હિમાલયની તળેટીમાં આવો કોઈ મોટો ભૂકંપ આવ્યો નથી, જે પૃથ્વીની અંદર વધતા દબાણને ઘટાડી શકે. રોજર બિલહમના જણાવ્યા મુજબ આ ફક્ત એક સંભાવના નથી, આ નજીકના ભવિષ્યમાં બનનારી હકીકત છે. આ સંભવિત ભૂકંપ તે લાખો લોકો પર મોટું જોખમ છે જે ભૂકંપની ફોલ્ટલાઇનો પર રહે છે. તેમા ભારતનું હિમાલય ક્ષેત્ર પણ સામેલ છે.

**દરિયાઇ ટ્રાન્સપોર્ટેશનમાં**

જોકે, સલાહકારોનું માનીને ટ્રમ્પે માત્ર ચાઈનાને બાદ કરતા દુનિયાના તમામ દેશો પરનો ટેરિફ વધારો ૯૦ દિવસ માટે સ્થગિત કરી દીધો છે. તેને પગલે હાલ રાહત થઈછે. હવે ભારત સહિત દુનિયાભરના દેશો પોતાનો જે માલ સામાન અમેરિકા મોકલવા માગી રહ્યા છે, તે જૂના ટેરિફમાં જ મોકલી દેવા માટે પ્રયાસ કરી રહ્યા છે. તેને પગલે કન્ટેનરના ભાવ વધી ગયા છે અને ટ્રાન્સપોર્ટેશન પણ વધી ગયું છે. ૨૦ ફૂટના કન્ટેનરનો ચાર્જ ૨૦૦૦થી ૨૨૦૦ ડોલર વસૂલાતો હતો તે હવે ૨૮૦૦ ડોલર થઇ ગયો છે. જ્યારે ૪૦ ફૂટના કન્ટેનરનો ચાર્જ ૨૪૦૦ ડોલર હતો તેવધીને ૩૦૦૦ ડોલર થઇ ગયો છે. કન્ટેનર માટે પણ વેઇટિંગ છે. દુનિયાભરના લોકોને અમેરિકા સાથે વેપાર-ધંધો કરવો છે. દરેક દેશ આયાત થતા માલ પર ટેરિફ નાખતો હોય છે પરંતુ ટ્રમ્પે ચાર્જ સંભાળતા જ ટેરિફ વધારવાની જાહેરાત કરી દીધી હતી. જેનેપગલે હાલ વિશ્વમાં ટેરિફ વોરના પડઘમ શરૂ થઈ ગયા છે. જોકે, ટ્રમ્પ સરકારે ૯૦ દિવસ માટે ટેરિફમાં કોઇ જ વધારો ન કરવાની જાહેરાત કરી છે. જેને લઈને ભારત સહિત દુનિયાભરના દેશના વેપારીઓ ટેરિફની અસર પડે તે પહેલાં પોતાનો માલ અમેરિકા પહોંચાડવાના કામે લાગી ગયા છે. બીજી તરફ, તરફ માલ સપ્લાય માટે કન્ટેનર પ્રોવાઇડ કરતી કંપનીઓ પાસે ચોક્કસ સંખ્યામાં જ કન્ટેનર છે. ટ્વે કન્ટેનરની અછત ઊભી થઈ છે. આ અછતને લઈને કન્ટેનર ચાર્જમાં વધારો થયો છે. આયાત નિકાસના એક્સપર્ટસ જણાવી રહ્યા છે કે, વર્તમાન સમયમાં ૯૦ દિવસની લિમિટમાં અમેરિકા માલ મોકલવા માટે કન્ટેનર મળતા નથી. પહેલાં જે ૨૦ ફૂટના કન્ટેનર માટે વેપારીઓને ૨૦૦૦થી ૨૨૦૦ ડોલર ચૂકવવા પડતા હતા તેના બદલે હવે ૨૮૦૦ ડોલર ચૂકવવા પડી રહ્યા છે. આવી જ રીતે અમેરિકા-કનેડા મોકલાતા ૪૦ ફૂટના કન્ટેનરના ૨૪૦૦ ડોલર ચૂકવવા પડતા હતા તેના હવે ૩૦૦૦ ડોલર ચૂકવવા પડી રહ્યા છે. આ ઉપરાંત જ્યાંથી કન્ટેનર મોકલવામાં આવતા હોય તે આઈસીડીમાં પણ કન્ટેનરનો ભરાવો થઈ ગયો છે. હવે જોવાનું એ રહ્યું કે ૯૦ દિવસ પછી ટેરિફમાં શું ફેર આવે છે.

કન્ટેનરમાં જ્યારે વિદેશમાં માલ મોકલવામાં આવે ત્યારે કન્ટેનર પ્રાઇમ ચાર્જ, સરચાર્જ અને ટર્મિનલ હેન્ડલિંગ ચાર્જ આમ ત્રણ ચાર્જ ચૂકવાતા હોય છે. તમામ કન્ટેનર અમેરિકા તરફ જઇ રહ્યા હોવાથી દુનિયાના અન્ય દેશોની આયાત નિકાસ માટે પણ કન્ટેનરની અછત ઊભી થઇ છે.

# અમેરલીમાં પાયલોટ ટ્રેનિંગ સંસ્થાનું પ્લેન ક્રેશ થયું



## રહેણાંક વિસ્તારમાં પ્લેડ થયુ ધડામ : કલેકટર-એસપી સહિતનાઓ ઘટનાસ્થળે દોડી ગયા : ૧ વ્યકિતનું મોત : વધુ તપાસ તેજ

ગાંધીનગર : આજ રોજ અમરેલીમાં ખાનગ કંપનીનુ પાયલોટ ટ્રેનીંગ સેન્ટરનું પ્લેન ક્રેસ થવા પામ્યું છે. રહેણાક વિસ્તારમાં આ પ્લેન તુટયુ છે તેમાં એક વ્યકિતનુ મોત થયુ છે. કલેકટર અને એસપી સહિતનો કાફલો ઘટનાસ્થળે ધસી ગયો છે. એક વ્યકિતનો મૃતદેહ મળ્યો છે. ગીરીયા રોડ પર આ ઘટના બની છે.

# ચીને અણુબોમ્બથી ખતરનાક હાઇડ્રોજન બોમ્બ બનાવતા ભારત પર જોખમ

બીજીંગ : ચીનના વૈજ્ઞાનિકોએ એવો હાઈડ્રોજન બોમ્બ વિકસાવ્યો છે તે અણુબોમ્બથી પણ વધારે ખતરનાક છે, પણ તેમા જરા પણ રેડિયેશન જ નથી. તેમા યુરોનિયમ અને પ્લુટોનિયમ જેવા કોઈપણ પરમાણુ પદાર્થ નથી. એક રિસર્ચ મુજબ ફક્ત બે કિલો વજનવાળા આ બોમ્બે ૧૦૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાનવાળો આગનો ગોળો બનાવી દેતા આખું વિશ્વ સ્તબ્ધ થઈ ગયું છે. આગનો આ ગોળો સળંગ બે સેકન્ડ સુધી સળગતો રહ્યો હતો. આ બોમ્બ પરમાણુ બોમ્બ જેવો નથી, પણ તેના જેવી વિનાશલીલા કરી શકે છે ખરો. ચીને ચાંદી જેવા દેખાતા એક પાવડરમાંથી આ હાઈડ્રોજન બોમ્બ તૈયાર કર્યો છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના એક રિપોર્ટ મુજબ આ પરીક્ષણ એક ખાસ પ્રકારના હાઈડ્રોજન પર આધારિત ઉપકરણ પર કરવામાં આવ્યું, જેનાથી જબરદસ્ત કેમિકલ ચેઈન રિએકશન શરૂ થઈ. તેના પરિણામે ૧,૦૦૦ ડિગ્રી સેલ્સિયસથી વધારે તાપમાનવાળી આગવાળો મોટો ગુબ્બારો સળંગ બે સેકન્ડ સળગતો રહ્યો.

# ધંધાકીય અદાવતમાં તંબુ સળગાવી દેવાના કેસમાં આરોપીને સજા

અંજાર : ધંધાકીય અદાવતના પગલે ફરિયાદીના તંબુને સળગાવી નાખવાના કેસમાં અંજારની અદાલતે આરોપીને પાંચ વર્ષની સખત કેદનો હુકમ કર્યો હતો. આ કેસની ટુંકી વિગત મુજબ અંજાર તાલુકાના વરસામેડી ગામે મકાન બાંધકામના કામકાજ સાથે સંકળાયેલા આરોપી મુકેશ રામેશ્વર ઓડ (રાજપૂત) મુળ જિ.ઈન્દોર, મધ્યપ્રદેશ હાલે વરસામેડી, તા.અંજાર વાળાએ સમાન વ્યવસાય સાથે સંકળાયેલા ફરિયાદી સાથેની ધંધાકીય અદાવતમાં ફરિયાદીને ગામ છોડીને જતો રહેવા ધમકી આપી હતી અને જો ફરિયાદી તેવું ન કરે તો તેના તંબુને સળગાવી દેવાની ચિમકી આપી હતી. ત્યાર બાદ તા. ૧૭-૪-૨૦૦૨ના રાત્રીના ભાગે ફરિયાદીનો તંબુ અને ઘરવખરીનો સામાન સળગાવી નાખ્યા હતા. આ અંગે અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ અંજાર અધિક સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા દસ્તાવેજી પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ધ્યાને લઈ અદાલતે આરોપીને કસુરવાર ઠેરવી વિવિધ કલમો તળે પાંચ વર્ષની સખત કેદ અને રૂા. ૧૨ હજારનો દંડ ફટકાર્યો હતો.

જોઈએ છે ગાંધીધામ માટે
કામવાળી બહેન
ઘરનું સંપૂર્ણ કામકાજ તેમજ સાફ-સફાઈ માટે
ઓફીસની સાફ-સફાઈ કરી શકે તેવો માણસ જોઈએ છે.
મળવાનો સમય :- સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાકે
Mo. 9099079342

# ગાંધીધામ ખાતે આવેલા ગુરૂદ્વારાનું નવનિર્માણ કાર્ય શરૂ



ગાંધીધામ : શહેરના ચારસો કવાર્ટર, ખન્ના માર્કેટ ખાતે ૧૯૮૧ માં ગુરૂદ્વારા ગુરૂનાનકસિંહ સભાનું નિર્માણ કરાયું હતું. જે કાળક્રમે જર્જરીત થઈ જતા ગાંધીધામ ગુરૂનાનક સુેવા સંગત દ્વારા નવનિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ સ્થળે લંગરપ્રસાદ માટે હોલ, ડિસ્પેન્સરી, લાયબ્રેરી, જૂના ઘર, પ્રસાદ રૂમ વગેરે જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

ગુરૂદ્વારા નવનિર્માણ કાર્યના ખાતમુહૂર્ત પ્રસંગે બાબા લધાસિંહ, બાબા હરજિતસિંહ, બાબા જસાસિંઘ (ભરૂચ), ગુરૂધર કમિટિના વાઈસ પ્રધાન દલજીતસિંહ, સેક્રેટરી ફાતપાલસિંહ, જોઈન્ટ સેક્રેટરી પ્રગટસિંહ, ખજાનચી કુલજીતસિંહ, મનજીતસિંહ સહિત કમીટીના સભ્યો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિર, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તેજસ શેઠ, મનોજ મુલચંદાણી, ભરત મિરાણી, કમલેશ પરીયાણી, વિજયસિંહ જાડેજા, સંજય ગાંધી, હઠુભા જાડેજા, રાજુભાઈ અને શહેરના વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



# લો બોલો... રાજ્ય સરકારે કચ્છમાં ૩૮ વડના વૃક્ષો કાપી નાખ્યા

**વૃક્ષ વાવેતરના સરકારના મોટા દાવાઓ વચ્ચે ચોંકાવનારો ઘટનાક્રમ ઉજાગર**

ભુજ : પર્યાવરણના જતન અને વધુને વધુ વૃક્ષોના વાવેતર માટે મોટા ઉપાડે અભિયાન ચલાવતી રાજ્ય સરકારે કચ્છ સહિત રાજ્યભરમાં ૧૯૩ વડના વૃક્ષો કાપી નાખ્યા હોવાનો ચોંકાવનારો અહેવાલ સામે આવી રહ્યો છે. રાજ્યમાં મોટા પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર થયાના સરકારના મોટા દાવાઓ વચ્ચે પર્યાવરણ પ્રેમીઓની ચિંતામાં વધારો કરે તેવો ઘટનાક્રમ ઉજાગર થયો છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્ય સરકારે પર્યાવરણની સુરક્ષા રાજ્યના ૮૨ સ્થળો પર ૧૦૦ હેકટર વિસ્તારમાં ૧૦ લાખ વૃક્ષો ઉગાડવાનું લક્ષ્ય રાખ્યું હતું, પરંતુ બીજીતરફ રાજયના વિવિધ શહેરી વિસ્તારોમાં જુના વૃક્ષો ખુદ રાજ્ય સરકાર દ્વારા જ કાપાવામાં આવી રહ્યા છે. ફલાય ઓવર નિર્માણ જેવા વિવિધ કારણોસર જુના વૃક્ષોને કાપી નાખવામાં આવ્યા છે. રાજ્ય સરકારે કુલ્લ ૧૯૮ વડના વૃક્ષો કાપી નાખ્યા છે. કચ્છ જિલ્લામાં ૩૮ વડના વૃક્ષ કાપવામાં આવ્યા છે. ગીર સોમનાથમાં સૌથી વધુ ૬૩ વડના વૃક્ષોનું નિકંદન કાઢી નખાયું છે. રાજયના ગ્રીન કેપીટલ એવા ગાંધીનગર શહેરમાં ૨૧ વડના વૃક્ષો કાપવામાં આવ્યા છે. આ ઉપરાંત મોરબીમાં ૨૭, જામનગરમાં ૧૫, વડોદરામાં ૯ જયારે પાટણ અને અમદાવાદમાં ૭ - ૭ વડના વૃક્ષો કાપવામાં આવ્યા છે.

# એબીજી સિમેન્ટ કંપની બંધ થતા સ્થાનિક ધંધાર્થીઓના કરોડો અટવાયા

**વડરાજ અને નિરમા એકમ દ્વારા બાકીના ચુકવણા થાય તેવી માંગ સાથે સ્થાનિકોના ધરણા : ન્યાય ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખવાનો નિર્ધાર**



નલિયા : અબડાસા તાલુકાના ગરડા પંથકમાં વાયોરથી ૬ કિલોમીટર દૂર એબીજી સિમેન્ટ એકમ બંધ થઈ જતા સ્થાનિક કોન્ટ્રાકટરો, મજૂરો, ટ્રાન્સપોર્ટરો, ખાણીપીણી સહિત સબંધીત નાના - મોટા ધંધાર્થીઓના કરોડો રૂપિયા અટવાઈ ગયા છે. લોકોના અટવાયેલા નાણા હાલે કાર્યરત નિરમા એકમ દ્વારા ચુકવવામાં આવે તેવી માંગ સાથે અકરી, મોટી થુમડી, નાની બેર, મોટી બેર, કરમટા, રોહારો, હોથીચાય, ગોલાય, નવાવાસ, વાલાવારી વાંઢ, ભગોરી વાંઢ વગેરે ગામના લોકો ધરણા પર બેસી ગયા છે.

ધરણાની આગેવાની લેનાર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અનુભા જાડેજાના જણાવ્યાનુસાર સ્થાનિકોએ એબીજી કંપની સાથે કરાર કર્યા હતા. સ્થાનીકોએ પોતાના ખેતરો પણ કંપનીને વેચ્યા હતા. ગરડા પંથકના બરોજગારોને કંપનીમાં નોકરી મળે, સ્થાનિક કોન્ટ્રાકટરો, ટ્રાન્સપોર્ટરોને લાભ મળે, ગરડા વિસ્તારમાં આરોગ્ય, શિક્ષણ અને રોજગારી માટે કંપની સાથે લેખિત કરાર થયા છે પરંતુ કોઈ કારણોસર એબીજી કંપની બંધ થયા બાદ વડરાજ કંપની અને નિરમા એકમ દ્વારા હાલે કામકાજ શરૂ કરાયું છે. જેની સામે સ્થાનીકોનો વિરોધ છે. સ્થાનિક મજૂરો, ધંધાર્થીઓ અને કોન્ટ્રાકટરોના બાકી ચુકવણા નિરમા એકમ કરી આપે તેવી માંગ કરી રહ્યા છે. ભૂતકાળમાં જે. પી. સિમેન્ટ કંપનીએ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની વેચી હતી ત્યારે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીએ મજુરો, કોન્ટ્રાકટર, કામદારો, ટ્રાન્સપોર્ટરોના બાકીના ચુકવણા આપ્યા હતા. તે પ્રકારે જ સાંઘી સિમેન્ટના બાકી ચુકવણા અદાણી સિમેન્ટ કંપનીએ ચુકવ્યા હતા. આ પ્રમાણે એબીજી કંપની બંધ થયા બાદ વડરાજ અને નિરમા એકમ સ્થાનિકોના બાકી નાણા ચુકવી આપે તેવી માંગણી સાથે અચોક્કસ મુદતના ધરણા શરૂ કરાયા છે. આ મામલે એક સપ્તાહ અગાઉ નલિયા મામલતદારને આવેદનપત્ર પણ અપાયું હતું. પરંતુ વહીવટી તંત્ર દ્વારા કોઈ સકારાત્મક પ્રત્યુતર ન મળતા નાછૂટકે ધરણા કરવાની ફરજ પડી છે. જયાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી ધરણા ચાલુ રહેશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ ધરણા પ્રદર્શનમાં સ્થાનિક આગેવાનો હારૂનભાઈ હાલેપોત્રા (નાની બેર), અકરી જુથ ગ્રા.પં.ના સરપંચ રાજુભા જાડેજા, કેરના સરપંચ હાજી ઈસ્માઈલ, પ્રધ્યુમનસિંહ જાડેજા, રાજાભાઈ રબારી, સલીમભાઈ, હાજી હસણ સુમરા, મામદ સુમાર, હાજી ઓસમાણ કેર, છગનભાઈ જોષી, રાહુલભાઈ જત, મમુભાઈ રબારી, જુમાભાઈ જત, ઈશરભાઈ કેર, જુવાનસિંહ પ્રવીણસિંહ જાડેજા, કરીમભાઈ સુમરા, આમદભાઈ આલીપોદરા ઉપરાંત ૧૪ ગામોના આગેવાનો, ગ્રામજનો, સ્થાનિક ધંધાર્થીઓ પણ જોડાયા હતા.

# ભુજ, સાપેડા અને ગાંધીધામમાં અકસ્માત સર્જાયા

ભુજ : જિલ્લામાં ત્રણ સ્થળોએ અકસ્માતની ઘટના સામે આવી હતી. ભુજમાં આનંદો હોટલ પાસે ગોકુલ એપાર્ટમેન્ટ નજીક અકસ્માત થયો હતો. ફરીયાદી મનીષભાઈ વેલજીભાઈ ગઢવી બાઈક લઈને જતા હતા ત્યારે બાઈક નં.જીજે૧૨- સીડી-૭૯૨૪ ના ચાલકે પુર ઝડપે વાહન ચલાવી ફરિયાદીની બાઈકમાં ભટકાવતા ફરિયાદીને ઈજાઓ થવા પામી હતી. જેથી એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ થઈ હતી. આ તરફ અંજાર-ભુજ હાઈવે પર સાપેડા આહિર સમાજવાડી સામે અકસ્માત થયો હતો. રતનાલમાં રહેતા નવઘણભાઈ ભારમલભાઈ માતાના જણાવ્યા પ્રમાણે બાઈક નં.જીજે૧૨-એચએફ-૨૦૦૪ ના ચાલકે પુરઝડપે બાઈક ચલાવી ફરિયાદીની બાઈકમાં ભટકાવતા ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા અંજાર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

દરમિયાન ગાંધીધામમાં ગોપાલપુરી કેપીટી હોસ્પિટલની બહાર બલેનો ગાડી નં. જીજે૧૨-એફએ-૪૦૫૯ ના ચાલકે પુર ઝડપે ગાડી ચલાવી ફરિયાદી નીતિનસિંગ તોમરના પિતાની મોપેડને ટક્કર મારતા મહેન્દ્રસિંગને ફ્રેક્ચર સહિતની તેમજ હરેશભાઈને કમ્મરના ભાગે ઈજાઓ થવા સાથે વાહનમાં નુકસાન થયું હતું. જેથી એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

# સિનુગ્રામાં હથિયાર સાથે ખારીરોહરના બે યુવક પકડાયા



ગાંધીધામ : અંજાર વિસ્તારમાં સ્થાનિક પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે સિનુગ્રા ગામમાં અલ્ટો કાર નં.જીજે૧૨-ડીએ-૩૯૧૦ મા છરી અને ધારિયા લઈને ફરતા બે યુવકને ઝડપી લેવાયા હતા. અંજાર પોલીસે ખારીરોહરની પીર કોલોનીમાં રહેતા શબીર નુરમામદ ધોસા અને રજાક નુરમામદ ધોસાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે ભચાઉમાં જુનાવાડાથી ગણેશટીંબી જતા કાચા રસ્તા પર બંદૂક લઈને ફરતા કોલિયાસરીના નિકુલ અમરશીભાઈ કોલીને પોલીસે પકડી પાંચ હજારની દેશી હાથ બનાવટની બંદૂક કબજે કરી ગુનો દાખલ કર્યો હતો.

**ભચાઉમાં બંદૂક સાથે યુવકને ઝડપી લેવાયો**

# પશ્ચિમ કચ્છમાં તરખાટ મચાવનારી કેબલ ચોર ટોળકી સામે સંગઠીત ગેંગનો ગુનો નોંધાયો

**ભુજ, નખત્રાણા, અબડાસાના ઈસમો છેલ્લા લાંબા સમયથી સતત કેબલની કરતા હતા ચોરી**



ભુજ : પશ્ચિમ કચ્છ જિલ્લામાં ઉદ્યોગોના કારણે વિવિધ સ્થળોએ વીજપોલ ઊભા કરવામાં આવી રહ્યા છે ત્યારે કેબલ ચોરીનું પ્રમાણ વધતા ટોળકી સામે સંગઠીત ગેંગનો ગુનો દાખલ કરાવ્યો છે.

આ બાબતે મળતી વિગતો મુજબ પશ્ચિમ કચ્છમાં ખાસ કરીને પવનચક્કી, સોલાર તેમજ વિવિધ સરકારી પ્રોજેક્ટોના કારણે વિવિધ સ્થળોએ વીજપોલ ઊભા કરવાના થાય છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી સક્રિય બનેલા ઈસમો દ્વારા વાડી વિસ્તાર અને સીમમાં જઈ કેબલ વાયરની ચોરી કરી ભુજમાં ભંગારિયાઓને વેંચી દેવામાં આવી છે. અવાર-નવાર ગુના દાખલ થાય, આરોપી પકડાય બાદમાં છુટી જાય અને ફરી પકડાય. ચોર પોલીસના આ સીલસીલા વચ્ચે વાયર ચોરીના ગુનાઓને અંજામ આપતી ટોળકી સામે સંગઠીત ગેંગનો ગુનો દાખલ કરવામાં આવ્ય છે. એલસીબીએ ભુજ બી-ડિવિઝન પોલીસમાં આરોપી ભૂતેશ્વર કુંભાર ફળિયાના હનીફ ઉર્ફે બોચો કાસમ કુંભાર, અમનનગર કોલોનીના વસીમ જુસબ કુંભાર, ભૂતેશ્વરના અબ્બાસ અલીમામદ કકલ, સુલતાનહુશેન કુંભાર, બાંડિયારાના સુલેમાન ઉર્ફે સલુ ઈસ્માઈલ સંગાર, મોટી બાલાચોડના સિકંદર જાફર લુહાર સામે ગુનો દાખલ કરાવ્યો છે. આરોપીઓએ જખૌ, જખૌ મરીન, દયાપર, નલિયા, નખત્રાણા, ગઢશીશા અને માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષની અંદર ગેરકાયદે રીતે ટોળકી બનાવી કોપર વાયરની ચોરી કરી સંગઠીત ગુનો આચર્યો હતો. જેથી એલસીબીના પીએસઆઈ એચ.આર.જેઠીએ સરકાર તરફે ભુજ બી-ડિવિઝન પોલીસમાં ૭ આરોપી સામે ગુનો દાખલ કરાવ્યો હતો. જેમાં અબ્બાસ અને હનીફને પકડીને બી-ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યા છે.

# ભુજમાં આહાર જાગૃતિ મહાઅભિયાન છેડાશે

**લેવા પટેલ સમાજ ભુજની અનોખી પહેલ: જાણીતા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે**

ભુજ : આધુનિક જીવનશૈલીમાં વિકૃત થયેલા આહારને કારણે અનેક અકુદરતી બીમારીઓ પ્રસરે છે. આ પૃષ્ઠભૂમિમાં લેવા પટેલ સમાજ ભુજ દ્વારા બુધવાર તા. ૨૩ એપ્રિલે નિ:શુલ્ક આહાર-જાગૃતિ મહાઅભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩ એપ્રિલે ભુજના ટપકેશ્વરી રોડ પર આવેલા રતન શૈક્ષણિક સંકુલ (હરીપર રોડ) માં સવારે ૯ વાગ્યાથી સાંજે ૫.૩૦ સુધી રાખવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ જાણીતા નિષ્ણાંતોમાં ગ્રીન યોગ યુનિવર્સિટી ગાંધીનગરના ડો. રાજેશ પટેલ અને ધરતીબેન ઠક્કર (અમદાવાદ) કુદરતી અને સાત્વિક આહાર વિશે માર્ગદર્શન આપશે. શિબિરની વિશેષતાઓમાં રસાહાર, ફલાહાર અને યોગાહાર વિશે વિગતવાર માર્ગદર્શન આપશે. જેમાં ડાયાબિટીસ, થાઈરોઈડ, બ્લડપ્રેશર જેવી બિમારીઓ દવા વિના નિયમિત કરવાની શકયતાઓ, લીલા વનસ્પતિ રસ, પ્રોટીન માટે ટમેટા,, કાકડી, ગાજર, બીટ, ફણગાવેલા કઠોળ, જેવી વસ્તુઓના ઉપયોગ પર પ્રેક્ટીકસ તાલીમ આપશે. બપોરે તમામ શિબિરાર્થીઓ માટે અમૃત ભોજન (સાત્વિક)ની વ્યવસ્થા કરાઈ છે.

શિબિર પાછળનો મુખ્ય ઉદેશ એ છે કે મુખ્ય પ્રણેતા અને જાણીતા કેળવણીકાર કેશરાભાઈ પિંડોરિયાના જણાવ્યા મુજબ આજના સમયમાં મુળભુત અને પરંપરાગત આહાર પધ્ધતિ તરફ વળવાનો સમય આપી ગયો છે. લેવા પટેલ સમાજની ભુજની હોસ્પિટલોમાં કરાયેલા સર્વે અનુસાર વધુમાં વધુ દર્દીઓના રોગ-આહારની ભુલોના કારણે થયા છે. આ મહાઅભિયાનમાં જોડાવા પૂર્વે નોંધણી કરાવી જરૂરી છે. તેના માટે ઈચ્છુકોએ ૬૩૫૪૬ ૪૧૩૬૬નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# અબડાસા તા.પં.ના માજી વિપક્ષી નેતા હાજી અબ્દુલ્લા ગજણનું નિધન



નલિયા : અબડાસા તાલુકા પંચાયતના માજી વિપક્ષી નેતા હાજી અબ્દુલ્લા ગજણનું નિધન થતા શોકની લાગણી વ્યાપી જવા પામી હતી. અબડાસા તાલુકા પંચાયતના માજી વિપક્ષી નેતા અને સુથરી સીટના સભ્ય એવા હાજી અબ્દુલ્લા ગજણનું નિધન થતા અબડાસામાં શોકની લાગણી વ્યાપી જવા પામી હતી. છેલ્લા થોડા સમયથી તેઓ સારવાર હેઠળ હતા. અમદાવાદ ખાતે સારવાર દરમ્યાન ૫૧ વર્ષની વયે તેમનું નિધન થયું હતું. વ્યવસાયે ખેતી અને માછીમારીનો દંગો તેઓ ચલાવતા હતા. મિલનસાર સ્વભાવ અને નાનામાં નાના માણસને ઉપયોગી થવાની ભાવના થકી તેઓ લોકપ્રિય હતા. વિપક્ષીનેતા તરીકે તેમણે તાલુકાના પ્રશ્નોની સતત રજુઆત કરી તેના નિરાકરણ માટે પ્રયત્નશીલ તેઓ રહેતા હતા. તેમના નિધન બદલ માજી તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઈકબાલભાઈ મંધરા, હાલના પ્રમુખ અજીતસિંહ જાડેજા, જી.પં. સભ્ય હાજી તકીશા બાવા, ભાવનાબા જાડેજા, માજી ધારાસભ્ય ઈબ્રાહીમભાઈ મંધરા, કિશોરસિંહ જાડેજાએ શોક વ્યક્ત કરી તેમને અંજલિ આપવા સાથે કુટુંબીજનોને સાંત્વના પાઠવી હતી.

# પડાણામાં ટેન્કરના ડ્રાઈવરોને લાલચ આપી સીપીયુ તેલની ચોરી પકડાઈ



ગાંધીધામ : પૂર્વ કચ્છ જિલ્લામાં હાઈવે માર્ગો પર અલગ અલગ ટેન્કર, ટ્રકના ડ્રાઈવરોને લાલચ આપી અવાર-નવાર તેલ, સળિયા, અનાજ સહિતની ચોરી કરવામાં આવતી હોય છે ત્યારે એલસીબીએ સીપીયુ તેલની ચોરી પકડી પાડી હતી.

ગાંધીધામથી સામખિયાળી જતા નેશનલ હાઈવે પર પડાણા પંચરત્ન માર્કેટ પાસે પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસની બાતમી મળી હતી કે, અંજારમાં રહેતો જિગર નટુભાઈ ઠક્કર પોતાના અંગત ફાયદા માટે અલગ અલગ ટેન્કરના ડ્રાઈવરોને રૂપિયાની લાલચ આપી સીપીયુ તેલની ચોરી કરાવે છે અને આ જથ્થો પડાણા પંચરત્ન માર્કેટ ખાતે આવેલ દુકાનમાં રાખ્યો હતો. જેથી દરોડો પાડતા તેલ સગેવગે થાય તે પહેલાં કબજો લેવાયો હતો. સ્થળ પરથી ૭૩૫ લિટર સીપીયુ તેલ કિંમત રૂા.૬૬,૧૫૦ અને આઈસર કન્ટેઈનર નં.જીજે૨૭-વી-૫૬૪૧ કબજે કરવામાં આવ્યું હતું. આ સાથે યુપીના ચાલક બેદુરરહેમાન લાલમોહમદ ખાનની અટકાયત કરાઈ હતી. આરોપી સામે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં ગુનો પણ દાખલ કરવામાં આવ્યો છે.

# માધાપરમાં યુવતીની ફેક આઈડી બનાવી ફોટા વાયરલ કરનારને ઝડપી લેવાયો

ભુજ : તાલુકાના માધાપર ગામે રહેતી યુવતીની ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવી તેમાં ફોટા અપલોડ કરી યુવતીની પજવણી કરવામાં આવી હતી. જે બાબતે માધાપર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સોશિયલ મીડિયામાં આઈડી બનાવી ફોટા અપલોડ કરનારને બનાસકાંઠાથી દબોચી લીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ માધાપરમાં રહેતી પરીણિત યુવતી સાથે ૧૫ દિવસ અગાઉ આરોપીએ વીડિયો કોલ કરી પોતાના મોબાઈલમાં સ્ક્રિનસોટ લઈ પરીણિતાને પોતાની સાથે વાત કરવા માટે મજબુર કરી હતી. જો વાત ન કરે તો સ્ક્રિનસોટના ફોટા વાયરલ કરવાની ધમકી આપી ઈન્સ્ટાગ્રામ અને ફેસબૂકમાં ખોટી આઈડી બનાવી તેમા યુવતીના ફોટા અપલોડ કરવામાં આવ્યા હતા. જેથી ગુનો દાખલ થતા માધાપર પોલીસ અને પશ્ચિમ કચ્છ પોલીસના સાયબર સેલ દ્વારા તપાસ હાથ ધરીને બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકાના ભરડવા ગામેથી આરોપી મુકેશ કરશનગિરિ ગોસ્વામીને ઝડપી લેવાયો હતો.

# માધાપરના દુષ્કર્મ અને રૂપિયા પડાવી લેવાના કેસમાં ભુજના દંપત્તિની ધરપકડ



ભુજ : તાલુકાના માધાપરમાં મહિલા સાથે દુષ્કર્મ અને બળજબરીથી રૂપિયા પડાવી લેવાનો મામલો સામે આવ્યો હતો. જે અંગે માધાપર પોલીસમાં ફરિયાદ થયા બાદ પોલીસે તપાસ કરીને સરપટનાકા પાસેથી આરોપી ભુજના કેમ્પ એરિયામાં રહેતા સલીમ મામદ કુંભાર અને તેની પત્ની હમીદાબેનની ધરપકડ કરી હતી. આરોપી સલીમ પોતાને આરટીઆઈ એક્ટિવિસ્ટ ગણાવી અલગ અલગ વિભાગોમાં યેનકેમ પ્રકારે અરજી કરી પોતે રિપોર્ટ હોવાનું જણાવી સરકારી તંત્ર પર દબાણ લાવવાનો પ્રયાસ કરતો હતો. તેની સામે ભુજ એ અને બી-ડિવિઝનમાં ફરજમાં રૂકાવટ સહિતના ગુના નોંધાયેલા છે. પોલીસે જણાવ્યું કે, તપાસ કરતા તેણે છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૨૦ જેટલી અરજીઓ કરી છે અને ૩૨ જેટલી માહિતી આરટીઆઈ મારફે માંગી છે. કુલ ૧૬ અપીલ અને ૧૮ અરજી કરવામાં આવી છે. પોલીસ વિરૂદ્ધમાં પણ ૧૩ અરજી કરી છે. તેની પત્નીના નામે પણ ૩ વર્ષમાં ચાર અલગ અલગ હેડ તળે અને બે પોલીસ વિરૂદ્ધ અરજી કરવામાં આવી હતી. હાલ પોલીસે દંપત્તિની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી ઝડપાયેલા આરોપીએ અન્ય કોઈને હેરાન પરેશાન કર્યા હોય તો આગળ આવી ફરિયાદ નોંધાવવા માટે અપીલ કરી છે.

## છેલ્લા પાનાનું ચાલુ

**મેઘપર (બો)માં આઈપીએલની**

યશ ૧૦ કે, સુરજ ૦૦૫, વિનોદ ૧૦ કે નામની આઈડી હતી. આ ગ્રાહકોને નામ બાબતે પુછતા તેણે જણાવ્યું કે, આર૭૭૭ નામની માસ્ટર આઈડીમાંથી ક્રિકેટ સટ્ટો રમવા માટે આદિપુરના વિશાલ ભાનુશાલી, મેઘપર (બોરીચી) ના યોગેશ ગોડવાણી તથા સાતવાડીના સુરજ ભીલને કમિશન પર સટ્ટો રમવા માટે આઈડી આપી હતી. જે પૈકી વિશાલ ભાનુશાલીએ યોગેશ અને સુરજ સિવાયના ૧૨ ગ્રાહકોને આઈડી આપી હતી. આ માસ્ટર આઈડી અમદાવાદના અર્જુન પાસેથી લીધી હોવાની કેફીયત આપી હતી. હાલ પોલીસે કુલ ૧૭ લોકોને ગુનો દાખલ કરી વિનોદભાઈ પાસેથી બે મોબાઈલ કબજે કર્યા છે. જેમાં રહેલી આઈડીમાં કુલ ૪,૮૦,૮૯૧ બેલેન્સ મળી આવ્યું હતું. અંજાર પોલીસ સ્ટેશનમાં એલસીબીએ ગુનો દાખલ કરાવી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

**મુંદરામાં વહિવટીતંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ**



મુંદરા તાલુકાના વહિવટી સત્તા મંડળ દવારા આજે મુંદરા વિલમાર કંપની સામેના ધ્રબ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આજે સવારે ચૂસ્ત બંદોબસ્ત સાથે ગેરકાયદેસરના કાચા - પાકા દબાણોને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સરકારી પડતર જમીન, ટાવર્સ સન ૧૯૯ પૈકીની જમીન પર કરાયેલા ગેરકાયદે ધંધાકીય દબાણો પર તંત્રનું બૂલડોઝર ફરી વળ્યું હતું.

# સામખિયાળી પાસે આગનું છમકલું



ભચાઉ : ભચાઉ નગર પાલિકા ફાયર ટીમને સામખિયાળી તલાટીનો ૩ વાગ્યાની આસપાસ કોલ આવતા કે સામખિયાળી ખાતે એક વંડામાં આગ લાગી છે, તેમાં ગાય માટે રાખેલો ૨ ટ્રેક્ટર જેટલો ચારો ભરેલ છે. ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. એક કલાક સુધી સતત પાણી મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો. આ કામગીરીમાં પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિ સિંહ જોડાયા હતા.




સુસ્વાગતમ્

આપશ્રી કચ્છની પાવનધરા પર "શિવગુણગાન" કરવા કીડિયા નગર, રાપર મુકામે પધારી રહ્યા છો ત્યારે "પુરૂષાર્થ પરિવાર-માનકૂવા" આપશ્રીનું હાર્દિક સ્વાગત કરે છે.

આં.રાષ્ટ્રીય શિવકથાકાર પરમપૂજ્ય શ્રી ગિરિબાપુ

:: સ્વાગતકર્તા ::

શ્રી કવિતાબેન સુરજગિરિ વી. ગોસ્વામી

વૈશાલી કશ્યપગિરિ એસ.ગોસ્વામી (પુરૂષાર્થ ડેવલોપર્સ-માનકૂવા)



શ્રી નવી સુંદરપુરી પંચાયતી પ્રા.કુમાર શાળા ગાંધીધામ-કચ્છ

સ્થાપના વર્ષ 1967 શાળા ડાયસ કોડ 24011001003

તા. ૨૨/૦૪/૨૦૨૫

જાહેર હરાજી

કચ્છ જિલ્લા ની ગાંધીધામ તાલુકા ની નવી સુંદરપુરી કુમાર સરકારી પ્રાથમિક શાળા, નવી સુંદરપુરીના રૂમ કુલ-૦૩ (ત્રણ) જર્જરિત ઓરડાઓ તોડી તેનો કાટમાળ લઈ જવા માટેની જાહેર હરાજી નવી સુંદરપુરી પ્રા.કુમાર શાળામાં તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમો એ સ્થળ પર હાજર રહેવું. હરાજી અંગે ની શરતો સ્થળ પર જ વાંચી સંભળાવવામાં આવશે.

એસ.એમ.સી.
શ્રી નવીસુંદરપુરી પં. પ્રા.કુમાર શાળા
તા. ગાંધીધામ-કચ્છ.

# રોટરી કલબ ઓફ ગાંધીધામ દ્વારા રોટરી કલોક ટાવરનું અનાવરણ



ગાંધીધામ : રોટરી કલબ ઓફ ગાંધીધામ દ્વારા તા. ૧૫-૦૪-૨૦૨૫ ના કલબ ના ૬૭ માં સ્થાપના દિવસના ઉપલક્ષમાં ગાંધીધામ રેલ્વે સ્ટેશન મધ્યે રોટરી કલોક ટાવરનું એરીયા રેલ મેનેજર (એ.આર.એમ.) શ્રી આશિષ ધનીયા અને મુખ્ય દાતા કેસરબેન મહેશ્વરી તેમજ રો. જયોત્સનાબેન મહેશ્વરી અને તેમના પરિવારના સભ્યો દ્વારા અનાવરણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની શરૂઆત કલબ પ્રમુખ રો. પૂર્વેશ રાવલ દ્વારા સ્વાગત પ્રવચન થી કરવામાં આવી હતી. ત્યારબાદ રોટરી કલબ ઓફ ગાંધીધામ ટ્રસ્ટ ના પ્રમુખ રો. બાબુભાઈ હુંબલ દ્વારા કલબ ના કાયમી પ્રોજેકટોની માહિતી આપવામાં આવી હતી. એરીયા રેલ મેનેજર શ્રી આશિષ ધનીયા દ્વારા કલબ ને શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

આ પ્રોજેકટ ને સફળ બનાવવા માટે પ્રોજેકટ કોર્ડિનેટર આસીસ્ટન્ટ ગર્વનર રો. વિન મંડૈયાર, રો. વિજય અજમેરા, રો. અભિષેક સુરાના, રો. મિતેશ ચૌહાણ, કલબ સેક્રેટરી રો. નિલેશ માલસત્તર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રેલ્વે તરફથી સ્ટેશન સુપ્રિટેન્ડન્ટશ્રીક્રિષ્ન કુમાર શર્મા અને ખલેશ ગુપ્તા, ડે. સુપ્રિટેન્ડન્ટ મુકેશ કુમાર, સી.એન.આઇ શ્રી શશી મકવાણા, ડેપ્યુટી એસ.એસ. (કોમર્સ) શ્રી રાહુલ દાબલા, આર.પી.એફ પી.આઇ. શ્રી અજય યાદવ,જી.આર.પી., પી.આઇ. શ્રી સોલંકી સાહેબ તથા રોટરી ના રો. રાજારામ રાઠી, રો. મિતેષ ધરમશી, રો.યોગેશ ઉપાધ્યાય, રો. મુકેશ અગ્રવાલ, રો. નંદલાલ ગોયલ, રો. અશ્વિન જૈન, રો. કે.સી. અગ્રવાલ, રો. અનુપ ગીરીયા, રો. અનુજ શર્મા, રો. મહેશ મોરબીયા, રો. બાલ ગોસ્વામી, રો. સાજન પટેલ, રો. અંકિત રતાણી, રો. શૈલેષ મોઢ, રો. નિમેષ મોદી, રો. જીતુ ચંદનાની, રો. રાહુલ આમ, રો. જયેશ કેલા, રો. વિનેશ તેજવાની, રો. રવિ પ્રજાતિ, રો. પંકજ મોબિયા, રો. ભરત રાઠોડ, રો. જયોત્સના મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ સેક્રેટરી રો. નિલેશ માલસત્તર દ્વારા કરવામાં આવી હતી.



જખૌ ઓધવ ધામ ખાતે ત્રિદિવસીય મહોત્સવ માટે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી ના સદસ્ય તથા માજી સાંસદ શ્રી જગદીશભાઈ ઠાકોર, ગુજરાત વિધાનસભામાં નેતા વિપક્ષ તથા બોરસદ વિધાનસભાના ધારાસભ્ય અમિતભાઈ ચાવડા તથા બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર ની મુલાકાત લઈ આમંત્રણ પાઠવતા શ્રી કચ્છી ભાનુશાલી દેશ મહાજન ના ઉપપ્રમુખ તથા શ્રી કચ્છી ભાનુશાલી મહાજન આદિપુરના પ્રમુખ નિલેશ પ્રહલાદભાઈ ધુકેર, શ્રી કચ્છી ભાનુશાલી દેશ મહાજન ના ટ્રસ્ટી તથા શ્રી કચ્છી ભાનુશાલી મહાજન આદિપુર ના મહામંત્રી વિનોદ મોહનજી ભાઈ વડોર, શ્રી કચ્છી ભાનુશાલી મહાજન આદિપુરના ટ્રસ્ટી ભરત ભાઈ શંકરલાલ મંગે તથા નવીન મમુભાઈ ચાંદ્રા,શ્રી કચ્છી ભાનુશાલી મહાજન આદિપુરના મંત્રી દિલીપ જેરામભાઈ દામા જે ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

# અંજાર ખાતે ગુજરાતની પ્રથમ નંદીશાળામાં ૭૦૦ નંદીઓને ગરમીમાં ઠંડક આપતા વિશિષ્ટ ફળ ખવડાવવામાં આવ્યા

અંજાર: ગુજરાતની પ્રથમ નંદીશાળામાં ઉનાળાની તીવ્ર ગરમી વચ્ચે ૭૦૦ નંદીઓને ઠંડક અને આરોગ્ય માટે વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું સચિદાનંદ સંપ્રદાયના મહંત પ.પુ. ત્રિક્મદાસજી મહારાજના સાનિધ્યમાં યોજાયેલ આ સેવા યજ્ઞ અંતર્ગત નંદીઓને ઠંડા ફુવારા વચ્ચે લગભગ ૮૦૦૦ કિલોગ્રામ તરબૂચ અને શકરટેટી ખવડાવવામાં આવી. ઉલ્લેખનીય છે કે, અંજારની આ નંદીશાળા માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં પણ વિશિષ્ટ માન્યતા ધરાવે છે. અહીં ગૌસેવાના આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક પાસાઓને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ કાર્યક્રમ દરમિયાન નંદીઓ માટે ઠંડા પાણીના ફુવારા, સ્પ્રે, અને વિશેષ ભોજન વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી હતી જેથી તેઓ ગરમીથી આરામ અનુભવી શકે. સંસ્થાના મહંત પ.પુ. ત્રિક્મદાસજી મહારાજે જણાવ્યું કે, "ગૌમાતા એ આપણા સંસ્કૃતિ અને જીવનશૈલીનો આધાર છે. તેમની સેવામાં જે આનંદ છે, તે કોઈ અન્ય કાર્યમાં નથી."આ પ્રસંગે મોટી સંખ્યામાં સેવકો,હિન્દૂ યુવા સંગઠનના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ગૌસેવામાં પોતાની



સહભાગીતા નોંધાવી હતી.આ રીતે અંજારની નંદીશાળાએ ફરી એક વખત ગૌસેવાની ભાવનાને સાકાર કરી અને સમસ્ત ગુજરાત માટે ઉદાહરણરૂપ કાર્ય પૂરું પાડ્યું છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 1 | | | | | 5 | |
| | | 4 | | 3 | | 6 | | |
| | | | 9 | 7 | | | | |
| | 8 | | 7 | | | 3 | 2 | |
| | | 7 | 5 | | 6 | 9 | | |
| | 2 | 6 | | | 9 | | 7 | |
| | | | | 4 | 2 | | | |
| | | 9 | | 5 | | 7 | | |
| | 1 | | | | | 8 | 4 | 2 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(3) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 8 | 2 | 9 | 7 | 5 | 3 | 4 |
| 2 | 7 | 5 | 1 | 4 | 3 | 6 | 8 | 9 |
| 3 | 4 | 9 | 8 | 5 | 6 | 7 | 1 | 2 |
| 8 | 2 | 4 | 3 | 1 | 5 | 9 | 6 | 7 |
| 6 | 5 | 3 | 7 | 8 | 9 | 4 | 2 | 1 |
| 9 | 1 | 7 | 6 | 2 | 4 | 3 | 5 | 8 |
| 4 | 3 | 2 | 9 | 6 | 1 | 8 | 7 | 5 |
| 7 | 9 | 1 | 5 | 3 | 8 | 2 | 4 | 6 |
| 5 | 8 | 6 | 4 | 7 | 2 | 1 | 9 | 3 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ નારાણપુર (અબડાસા)ના ડો. ચૂનીલાલ ભારમલ વોરા (ઉ.વ. ૯૭) તે સ્વ.મેઘબાઈના પુત્ર, સ્વ. ગુણવંતીબેન અને સ્વ. મધુબેનના પતિ, સ્વ. પ્રેમજીભાઈ, દમયંતિબેનના ભાઈ, સંજય, હિમાંશુ, મનિષાબેન, હર્ષાબેન, હેમન, આનંદના પિતા, સ્મિતાબેન, શિતલબેન, ચેતનાબેન, શ્વેતલબેન, ડો. જયંતિભાઈ ગાલા, તુરજ નાગાશિયાનના સસરા તા.૧૯-૪ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. (૧૨ નવકાર મંત્ર ભણવા)

**ભુજ** : ઝુબેર એ. મિસ્ત્રી (ઉ.વ. ૨૯) તે અઝીઝભાઈ મિસ્ત્રી (પેન્ટર)ના પુત્ર, રઝાકભાઈ લુહાર, મામદહુશેન મિસ્ત્રીના ભત્રીજા, રિયાઝ લુહાર (સોનારા) અને મો. રફીક મિસ્ત્રીના ભાઈ, અસગરભાઈ ખત્રીના ફુવા, હાજી રફીકભાઈ સરાની (સ્પ્રિંગવાળા - અંજાર)ના જમાઈ, લુહાર મામદહુશેન ઈબ્રાહીમ (રોહા કોટડા)ના ભાણેજ, લુહાર મોહમ્મદ અબ્દુલ સતાર (ડેમઈવાળા)ના સાળા, મહેબૂબભાઈ (અંજાર)ના બનેવી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૩-૪ના બુધવારે સવારે ૧૦થી ૧૧ સિદી જમાતખાના ખાતે.

**ભુજ** : મૂળ દરશડીના વસંત કુંવરજીભાઈ પંડિતપૌત્રા (ઉ.વ. ૭૧) તે સ્વ. ઝવેરબેન કુંવરજીભાઈ પંડિતપૌત્રાના પુત્ર, સ્વ. કાંતાબેનના પતિ, સ્વ. કરસનદાસભાઈ રાચ્છ (માંડવી)ના જમાઈ, સ્વ. છગનભાઈ, સ્વ. વીરેન્દ્રભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, ગં.સ્વ. મંગળાબેન પ્રભુરામ ગણાત્રા, સ્વ. પુષ્પાબેન તુલસીદાસ ગંધા, ગોદાવરીબેન જિતેન્દ્રભાઈ કોઠારી, વિમળાબેન કરસનદાસ ઘનસોતા, ઉર્મિલા (મીરા) બેન અશોકભાઈ તન્ના, સ્વ. કોકીલાબેન દિલીપભાઈ રૂખાણાના ભાઈ, લ્યુસીના હીરેન ગંધા, ફાલ્ગુની મયૂર ભલ્લા, ખુશાલી ચિંતન જોબનપુત્રા, યશ (લાલા)ના પિતા, આનંદ, કપિલ, કલ્પેશ, હાર્દિક, વિનેશના કાકા, શ્રેયા, ધિર, દુર્વા, પ્રબિર, કેહાન, કિયારાના નાના તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. બંન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨-૪ના મંગળવારે સાંજે ૪થી ૫ બિલેશ્વર મંદિર, ભુજ ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે)

**કેરા (તા. ભુજ)** : મૂળ કોટડા ચકારના ઠક્કર હંસરાજભાઈ ઉમરશી પોપટ (ઉ.વ. ૮૬) તે સ્વ. મયાબેનના પતિ, કિશોરભાઈ, અરવિંદભાઈ, સ્વ. જિતેન્દ્રભાઈ, ઈન્દુબેન દીપકભાઈ સચદે (માંડવી), ચંદ્રિકાબેન ભરતભાઈ દૈયા (જિયાપર હાલે ભુજ), સ્વ. અલ્પાબેનના પિતા, સ્વ. ભાગબાઈ લક્ષ્મીદાસ પવાણીના જમાઈ, સ્વ. લાલજીભાઈ (દેશલપર), ગં.સ્વ. ડાહીબેન (કોડાય), સ્વ. ભચીબેન (મુંબઈ)ના બનેવી, સ્વ. ભવાનજીભાઈ (માધાપર), સ્વ. ડો. કરશનદાસ, હીરાલાલ, જેન્તીલાલ, ડો. શશિકાન્ત (અંજાર), જયાસિંહભાઈ, સ્વ. કાન્તાબેન હરિલાલ ગણાત્રા (કોટડા), ગં.સ્વ. લીલાબેન જેન્તીલાલ ગણાત્રા (અંજાર), મંજુલાબેન કિશોરભાઈ તન્ના (માંડવી)ના ભાઈ, સ્વ. અનસૂયાબેનના દિયર, પ્રેમીલાબેન, મંજુલાબેન, ભારતીબેન, નયનાબેન, સ્વ. વિજયાબેનના જેઠ, ચંદ્રિકાબેન કિશોરભાઈ, ચંદ્રિકાબેન અરાવિંદભાઈના સસરા, રીનાબેન અમિતભાઈ પુજારા (ભુજ), હિરેન, રૂપેશ, સોનાલીના દાદા, તૃપ્તિ, મનાલીના દાદાજી, ડો. ચિંતન, રાજ, ખુશ્બૂ, રૂચીના નાના, ડો. પ્રાચીના નાનાજી, દક્ષ, શૌર્યના પરદાદા તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૪ના મંગળવારે સાંજે ૪થી ૫ લોહાર વાડી, કેરા ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

**ભુજ** : પુષ્પાબેન (ઉ.વ. ૮૩) તે વિશનજી નરસિંહ શેઠ (ઠક્કર) (અંજાર હાલે ભુજ)ના પત્ની, સ્વ. નરસિંહ લખમશી શેઠના પુત્રવધૂ, સ્વ. લાલજી રાઘવજી ગણાત્રાના પુત્રી, સુરેશભાઈ, સ્વ. બિપિનભાઈ, ઈન્દુબેન દયારામ કોટકના ભાભી, સ્વ. પુષ્પાબેન/દમયંતીબેન, સ્વ. રંજનબેનના જેઠાણી, સ્વ. મમતા, મિતેશ (આરટીઓ એજન્ટ), કવિતા, કુંતલના માતા, રાજેશ ભીંડે (એસબીઆઇ), રૂપાબેન, ચેતનભાઈ રામાણી, બિપિનભાઇ પલણ (નેત્રા)ના સાસુ, હેમંતભાઈ, સ્વ. વિક્રમભાઈ, રમાબેન, મીનાબેન, મોહિનીબેનના મોટા બહેન, કિઆરાના દાદી, યશ (સીએ), ઓમ, આયુષી, માધવના નાની, હની, સ્વ. પિંકી, કૃપાલી, આશિષ, કૈલાશના મોટીમા, મયુના તથા અલ્પાના મોટા સાસુ તા. ૨૧-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૦૨૫ના સાંજે પથી ૬ રૂખાણા હોલ, નવી લોહાણા મહાજનવાડી, વી. ડી. હાઈસ્કૂલ પાસે, ભુજ ખાતે.

**સુખપર (તા. ભુજ)** : ખલીફા ઈબ્રાહીમ અલીમામદ (ઉ.વ. ૮૨) તે અનવર, રજાક, મુમતાઝના પિતા, હનીફના સસરા, હાસમ, મામદના બનેવી, મામદ, જુસબ (ગુંદિયાળી)ના મોટા ભાઈ, રુશ્તમ, સમીર, સાહિલ, મુમતાજના દાદા તા. ૨૧-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૩-૪-૨૦૨૫ના સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન લાદછાણી ગેરેજવાળી બજાર, મફતનગર, સુખપર ખાતે.

**શેખડિયા (તા. મુંદરા)** : સુમાર નારાણ શેખડિયા (ઉ.વ. ૭૨) તે ગોરબાઈબેનના પતિ, માણશી, નાગશી, લક્ષ્મી, કમશ્રીના પિતા, લખમણ નારાણના ભાઈ, પુનશી, લાછબાઈના મોટાબાપા, હરિભા, માલશ્રી, કરણ, મહાવીર, દ્રષ્ટિના દાદા તા. ૧૩-૪ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૨૩-૪ના નિવાસસ્થાને.

**ગઢશીશા (તા. માંડવી)** : ઔ. બ્રાહ્મણ ગં.સ્વ. લક્ષ્મીબેન તે સ્વ. રમાકાંત (બેચુ મહારાજ) મૂળશંકર ધારકના પત્ની, રાજેશ અને નીરવ (આર.એસ. સેક્યુરિટી)ના માતા, ગં.સ્વ. લક્ષ્મીબેન શાંતિલાલ પંડ્યા (માધાપર), સ્વ. પુષ્પાબેન પ્રાગજી પંડ્યા (મુંબઈ), સ્વ. ભગવતીબેન ઝવેરીલાલ પંડ્યાના નણંદ, સ્વ. લીલાવંતીબેન રવિશંકર વ્યાસ (વાડાપદ્ધર)ના પુત્રી, ભોગીલાલ (પ્રમુખ ઔ. બ્ર.સ.), સ્વ. રમણીકલાલ, સ્વ. હીરાબેન બેચરલાલ પંડ્યા (દેશલપર), ગં.સ્વ. ધનગૌરીબેન, ગં.સ્વ. શારદાબેન રમેશ ભટ્ટ (રામપર), સરિતાબેન હિમાંશુ પંડ્યા (અંજાર)ના બહેન, અનસૂયાબેન, ગં.સ્વ. ધર્મિષ્ઠાબેનના નણંદ, નયન (ઉમિયા જ્વેલર્સ-ભુજ), હર્ષ (ગાયત્રી હોઝિયરી-ભુજ)ના ફઈ, દિશા હર્ષ વ્યાસના ફઈજી તા. ૨૧-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૦૨૫ના ૪થી ૫ ઉમિયા સત્સંગ હોલ, માંડવી-નખત્રાણા હાઈવે મધ્યે.

**વેરસલપર (તા. નખત્રાણા)** : વિશ્રામભાઈ દેવજીભાઈ સાંખલા (ઉ.વ. ૯૨) તે સ્વ. ધનબાઈના પતિ, કીર્તિભાઈ, અંબાલાલભાઈ, જવેરબેન (માધાપર-ભુજ), ભગવતીબેન (વડવા), હેમલતાબેન (માલવણ), નર્મદાબેન (મુંદરા), વિજયાબેન (માનકૂવા)ના પિતા, વર્ષાબેન અને સરસ્વતીબેનના સસરા, હેન્સી, નિશિ, નક્ષ, હેત્વી, ઉર્વી, વિષ્ણુ, રેવાના દાદા તા. ૨૦-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. સાદડી તા.૨૨-૪ તથા ૨૩-૪-૨૦૨૫ના મંગળ, બુધ (બે દિવસ) સવારે ૮થી ૧૧, બપોરે ૩.૩૦થી ૫ પાટીદાર સમાજવાડી, વેરસલપર ખાતે.

**નખત્રાણા** : કૃપાલી તુલસીદાસ ધનાણી (ઉ.વ. ૨૪) તે હેમલતાબેન તથા તુલસીદાસ ધનાણીના પુત્રી તા. ૨૦-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૨ અને ૨૩-૪-૨૦૨૫ના મંગળવાર-બુધવારે બે દિવસ સવારે ૮થી ૧૦, બપોરે ૩થી ૫ સત્યનારાયણ સમાજવાડી, જૂના પોલીસ સ્ટેશનની બાજુમાં, નખત્રાણા ખાતે.

**નિરોણા (તા. નખત્રાણા)** : આયર રુકમણિબેન હંસરાજ બતા (ઉ.વ. ૫૬) તે હંસરાજ ભીમજી (નિવૃત્ત સિવિલ ઈન્જિનીયર)ના પત્ની, નબુબેન, સામજી, રાજેશ, ઈશ્વરના માતા, રાણા લખા (વંગ)ના પુત્રી, રવાભાઈ, નારાણભાઈના બહેન તા. ૨૧-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન આહીરવાસ, પેટ્રોલપંપની બાજુમાં, નિરોણા ખાતે.

**કોટડા-(જ.) (તા. નખત્રાણા)** : કુંભાર હાજી અલીમામદ હાજી કરીમ (ઉ.વ. ૬૩) તે રજાક, હનીફ (હનીફ ઓટો બ્રોકર), ઈમરાનના પિતા, મ. હાજી જાફર હાજી કરીમ, જુસબ હાજી કરીમના ભાઈ, કુંભાર હાજી અલીમામદ સુમાર (નખત્રાણા)ના સાળા, અફજલ (બાયઠ), નૂરમામદ (નખત્રાણા)ના સસરા તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૩-૪ના સવારે ૧૦ વાગ્યે નિવાસસ્થાન કોટડા (જ.) ખાતે.

**નલિયા (તા. અબડાસા)** : મૂળ કડુલીના ગજણ હાજીઅબ્દુલ ઈસ્માઈલ (ઉ.વ. ૫૧) તે અસલમ, મુસ્તાક, ઈરફાન અને અલીમોહમંદના પિતા, મ. હાજી સાલેમામદ, હારૂન, નૂરમામદના ભાઈ, સિધિક ઓસમાણ, હસણ જુસબ, ઈબ્રાહીમ ગજા અને જે. જે. ગજણના ભત્રીજા, ઈશાક સુલેમાન, મુસા સુલેમાનના પિતરાઈ ભાઈ, સંગાર આમદ હુસેન (લાલા)ના બનેવી તા. ૨૧-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૩-૪-૨૦૨૫ના સવારે ૧૦ વાગ્યે કડુલી મસ્જિદ ખાતે.

# મુંદરાની ભુખી નદી પાસે કચરાનો નાશ કરવા માંગ



મુંદરા : શહેરની ભુખી નદીમાં ગામનો કચરો નાખવામાં આવે, જે કચરાનો નાશ કરવામાં આવતો નથી , જેના કારણે ગાયો કચરો ખાય છે, જેથી તેમના પેટમાં જાય છે, જેથી મોત થાય છે.

મુંદરા તથા આસપાસના વિસ્તારના લોકો દુધ દોહીને પશુઓને મુકી દેવામાં આવે છે. આખલા અને ગાયો રોડની વચ્ચે વચ્ચો બેસી જવાના કારણે અકસ્માતના બનાવો બને છે. પ્લાસ્ટિક વેચાણ પર બંધી હોવા છતાં શાકભાજી કે, અન્ય ખાદ્ય પદાર્થ ભરીને આપવામાં આવે છે. આ પ્લાસ્ટિક કે, ઘરની વસ્તુઓ કચરામાં જતા ત્યાં બેસેલા પશુઓ તેને આરોગે છે, જેથી તેમના પેટમાં ખલી, પ્લાસ્ટિકનો જથ્થો આરોગી જાય છે. અને આ મૃતક ગાય કે, આખલાના પેટમાંથી ૮૦થી ૧૦૦ કિલો પ્લાસ્ટિક કે, અન્ય ચીજવસ્તુ નિકળે છે. માટે નગરપાલિકા કે, ગ્રામજનો પ્લાસ્ટિકનું નિરાકરણ કરે અને તંત્રે પ્લાસ્ટિક થેલીઓ વેચનાર પર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# નાના કપાયાથી વડાલા સુધીનો રોડ ઝંખે છે સુધારણા





મુન્દ્રા : બંદરીય અને ઔદ્યોગિક વિકાસથી ધમધમતા મુન્દ્રા પંથકમાં ભારે અને અતિભારે વાહનોનો ટ્રાફિક વધ્યો છે. તાલુકાના ગ્રામીણ માર્ગો પર પણ ખનીજ ભરેલા ઓવરલોડ વાહનો દિવસ-રાત દોડતા રહે છે. મુન્દ્રા પંથકમાં રાજ્ય સરકારની ગ્રાંટથી રોડ રસ્તાના અનેક કામો મંજૂર જૂર થયા છે પરંતુ નાના-કપાયા, બોરાણા, પ્રતાપર, રતાડિયા, કુંદરોડી, મોખાથી વડાલા સુધીનો રોડ તદ્દન બિસ્માર બની ગયો છે. જેની તરફ આ વિસ્તારના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓનું ધ્યાન ગયું નથી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર આ રોડ પર દિવસ-રાત ઓવરલોડ ભારે વાહનોની સતત અવરજવર રહેતી હોય છે જેથી રસ્તાની હાલત ખસ્તા બની ગઈ છે. આ રોડ સુધી હજુ વિકાસ પહોંચ્યો નથી તેવી માર્મિક ટકોર સાથે સ્થાનિક ગ્રામજનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ રસ્તાની સુધારણા માટે કાર્યવાહી કરાવે તેવી માંગ કરી રહ્યા છે.

મુન્દ્રા વિસ્તારમાં વિકાસકામો માટે માતબર ગ્રાંટ લાવવામા ધારાસભ્યશ્રી સફળ રહ્યા છે. આ વિસ્તારમાં માળખાગત સુવિધાઓનો ખુબ વિકાસ થયો છે ત્યારે નાના કપાયાથી વાડાલા સુધીનો રસ્તો પણ સુધારવામાં આવે તે ઈચ્છનીય છે. સ્થાનિકો આ રસ્તા ટકાઉ અને મજબૂત બને તેમજ ગુણવતાસભર કામગીરી થાય તેવી માંગ કરી રહ્યા છે.

## કચ્છ કચ્છનોંધ

**શ્રી રામકૃષ્ણ શારદા સેવાશ્રમ**

● શ્રી રામકૃષ્ણ શારદા સેવાશ્રમમાં દર મંગળવાર અને દર શુક્રવારે વિના મૂલ્યે હોમિયોપથી નિદાન સારવાર સમય સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ હોમિયોપેથીક ડોક્ટર ખ્યાતિ બેન પઢીયાર. તેમની નિ:શુલ્ક સેવા આપશે સ્થળમાં સારદા દવાખાનુ. પ્લોટ નં૧૧૬) ૧૧૯ બિલેશ્વર નગર નયા અંજાર

**ઓમ ફાઉન્ડેશન**

● ઓમ સામૂહિક ચેતના જાગૃતિ અભિયાન હેઠળ ઓમ ફાઉન્ડેશન અને ગુજરાત રાજ્ય માનસિક આરોગ્ય કાર્યક્રમ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માનસિક, શારીરિક અને આધ્યાત્મિક સુખાકારી જાળવવા માટે ઓમ ફાઉન્ડેશનની વૈજ્ઞાનિક પદ્ધતિસર તાલીમનું આયોજન તા.૨૩-૪ બુધવારે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી મન ઉર્જા ક્લિનીક, હોસ્પિટલ રોડ, ભુજ ખાતે કરાશે, જેમાં જોડાવા ઈચ્છુક લોકોએ પોતાનું રજિસ્ટ્રેશન કરવાનનો રહેશે.

**કવિઓ જૈન મહાજન**

● અનશન વ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર છેડાના માર્ગદર્શન હેઠળ કવિઓ જૈન મહાજન ભુજ સંચાલિત નવતીનગર, ભુજ-મુંદરા રોડ ખાતે આવેલ પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી સાર્વજનિક દવાખાના ખાતે જાણીતા જનરલ પ્રેક્ટિસનર ડૉ. જયશ્રીબેન સોજીત્રા સોમવારથી શનિવાર સુધી સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી દર્દીઓની તપાસણી રાહત દરે કરશે. દવા, ઈન્જેક્શન અને તબીબી સારવાર રાહત દરે પૂરી પાડવામાં આવશે.

**પ્રેરણા મહિલા મંડળ**

● સમસ્ત ૩ થી ૧૫ વર્ષના બાળકો માટે નિ:શુલ્ક એક દિવસ ડ્રોઈંગ, આર્ટ એન્ડ ક્રાફટ વર્કશોપ, જેમાં બધા બાળકોને સર્ટીફીકેટ આપવામાં આવશે. વાલીઓ સાથે ફન એન્ડ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૪/૪ને ગુરુવારે સાંજે ૫ થી ૭ શેરી નં.૭, આરટીઓ રીલોકેશન સાઈડ, ભુજ ખાતે. વધુ માહિતી માટે વંદના ભાવસારનો સંપર્ક કરવો.

**જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ સાહેલી**

● જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ સાહેલીના ઉપક્રમે દર ગુરૂવારે મહિલાઓને મૂંઝવતા સ્ત્રીરોગની નિ:શુલ્ક સારવાર ડૉ. દમયંતીબેન ગણાત્રા, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા સાંજે ૪ થી ૫ તેમના દવાખાને ગણાત્રા હોસ્પિટલ, હોસ્પિટલ રોડ, ભુજ મધ્યે કરવામાં આવશે. સંપર્ક વિણાબેન માંડલિયા.

## રત્નકણિકા

**સાચો સંતોષ એ જ ખરો ત્યાગ છે.- સ્વામી રામતીર્થ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. આદર-૧૩૯૪, મુ. શવ્વાલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ચૈત્ર વદ-૧૦ પંચક તા.૨૩ એપ્રિલ ૨૦૨૫, બુધવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૨૪, ધનિષ્ઠા નક્ષત્ર, શુક્લ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૭:૧૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – સંતાન બાબતે ચિંતા સર્જાય. આર્થિક સમસ્યા દૂર થાય.

**વૃષભ** – નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. નવિન તક સાંપડે.

**મિથુન** – પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિકકાર્યમાં સફળતા મળે.

**કર્ક** – શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.

**સિંહ** – કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.

**કન્યા** – માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.

**તુલા** – અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.

**વૃશ્ચિક** – મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.

**ધન** – કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.

**મકર** – મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.

**કુંભ** – વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.

**મીન** – મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય.

# કચ્છની ૧૬૬ ગ્રામ પંચાયતનું રોટેશન જાહેર

ભુજ : કચ્છ સહિત રાજ્યમાં ગ્રામ પંચાયતની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. આવનાર દિવસોમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થવાની સંભાવના વચ્ચે જિલ્લા કલેકટર આનંદ પટેલ દ્વારા કચ્છની મુદત વિતી ગયેલ તથા વિભાજીત થયેલી ૧૬૬ ગ્રામ પંચાયત માટે સરપંચ પદનું રોટેશન જાહેર કર્યું છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમમાં સુધારો કરી ૨૭ ટકા ઓબીસી અનામતની જોગવાઈ કરાઈ છે. જેનો અમલ આ રોટેશનમાં કરવામાં આવ્યો છે. જિલ્લામાં ૧૫૨ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી, વિભાજન થયેલી ૯, વિસર્જન થયેલ ૩ અને અન્ય બે સહિત કુલ ૧૬૬ ગ્રામ પંચાયતની ચૂંટણી આગામી દિવસોમાં યોજાશે

### નખત્રાણા તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ડાડોર | વિભાજન | સામાન્ય બિનઅનામત |
| કાદિયા મોટા | પાંચમી કેટેગર | સામાન્ય સ્ત્રી |
| કાદિયા નાના | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ખારડિયા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ખીસરા રોહા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કોટડા રોહા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| નારાણપર (રોહા) | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| રોહા (સુમરી) | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| સાંયરા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| સુખપર રોહા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વંગ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વિભાપર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વિથોણ | સામાન્ય | અનુસૂચિત જાતિ સ્ત્રી |

### ભુજ તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| બળદિયા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ભારાસર | સામાન્ય | અનુસૂચિત જાતિ સામાન્ય |
| ભુજોડી | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| ચપરેડી | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ચુનડી | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ધાણેટી | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ધ્રંગ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| દિનારા મોટા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| દિનારા નાના | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ફોટડી | વિસર્જન | સા.શૈ.પ. સ્ત્રી |
| ગજોડ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ગોડપર (સરલી) | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| હાજાપર | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| હોડકા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| જાબુડી | વિભાજન | અનુસૂચિતજાતિ સામાન્ય |
| જવાહરનગર | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| કાલી તલાવડી | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કનૈયાબે | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| ખેંગારપર | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| કોડકી | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| કોટડા ઉગમણા | વિભાજન | અનુસૂચિત જાતિ સામાન્ય |
| કુરન | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| માધાપર નવાવાસ | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| મિરજાપર | સામાન્ય | અનુસુચિતજાતિ સામાન્ય |
| નાડાપા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| પદ્ધર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| રાયધણપર | સામાન્ય | અનુસુચિત જાતિ સ્ત્રી |
| સામત્રા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| સરલી | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| શ્રી ગડા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| થરાવડા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વડઝર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વર્ધમાનનગર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વરલી | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વરનોરા નાના | સામાન્ય | સામાન્ય બિનઅનામત |

### અબડાસા તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ઐડા | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| ચરોપડી મોટી જુથ | સામાન્ય | અ.જા. સ્ત્રી |
| ખારૂઆ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| નાના વાડા | પાંચમી કેટેગરી | સામાન્ય બિનઅનામત |
| રામપર અબડા જુથ | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| ઉસ્તિયા | સામાન્ય | અ.જા. સ્ત્રી |

### માંડવી તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| બાયઠ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| દેઢિયા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| દુર્ગાપુર | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ગાંધીગ્રામ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| હાલાપર | સામાન્ય | અનુસૂચિત જાતિ સામાન્ય |
| કોડાય | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કોજાચોરા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| મેરાઉ | વિસર્જન | અનુસૂચિત આદિજાતી સામાન્ય |
| મોટા આસંબિયા | સામાન્ય | અનુસૂચિત સામાન્ય |
| મોટા લાયજા | સામાન્ય | અનુસૂચિત સામાન્ય |
| મોટી સાંભરાઈ | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| મોટી ઉનડોઠ | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| નાગલપુર | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| નાના ભાડિયા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| નાની ખાખર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| પોલડિયા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| શેરડી | વિસર્જન | અનુસૂચિત જાતી સ્ત્રી |

### ભચાઉ તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ગણેશપર | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ઘરાણા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| કકરવા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કણખોઈ | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| કટારિયા જુના | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| લાખાવાટ | સામાન્ય | અનુસૂચિત જાતિ સામાન્ય |
| લખપત | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| માય | સામાન્ય | અનુસૂચિતજાતિ સ્ત્રી |
| વીજપાસર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |

### લખપત તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| બરંદા જુથ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| દોલતપર જુથ | સામાન્ય | અનુસૂચિતજાતિ સ્ત્રી |
| કોટડા મઢ જુથ | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| માતાનામઢ જુથ | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| નારાયણસરોવર જુથ | સામાન્ય | અનુસૂચિત આદિજાતી સામાન્ય |
| વિરાણી નાની જુથ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |

### મુંદરા તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| બગડા | સામાન્ય | સામાન્યસ્ત્રી |
| બરાયા | વિભાજન | સામાન્ય બિનઅનામત |
| બેરાજા જુથ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| ભદ્રેશ્વર | સામાન્ય | અ.જા. સામાન્ય |
| ભોપાવાંઢ | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| ભોરારા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| ડેપા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| દેશલપર | સામાન્ય | અનુસૂચિત આદિજાતી સ્ત્રી |
| ગુંદાલા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| હટડી જુથ | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કુકડસર | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કુંદરોડી | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| લફરા જુથ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| મંગરા | વિભાજન | સામાન્ય બિનઅનામત |
| મોટા કાંડાગરા | સામાન્ય | સા.શૈ. પ. સ્ત્રી |
| મોટી ખાખર | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| નવીનાળ | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| રામાણિયા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| રતાડિયા | સામાન્ય | સા.શૈ.પ. સામાન્ય |
| સાડાઉ | વિભાજન | સામાન્ય બિનઅનામત |
| સમાઘોઘા | વિભાજન | સામાન્ય બિનઅનામત |
| શેખડિયા | વિભાજન | સામાન્ય બિનઅનામત |
| સાડાઉ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| સમાઘોઘા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| શેખડિયા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| શિરાચા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| ટોડા | સામાન્ય | અનુસુચિત જાતી સ્ત્રી |
| ટુન્ડા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વાઘુરા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |

### અંજાર તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| આંબાપર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| અજાપર | સામાન્ય | અ.જા. સામાન્ય |
| ભાદરોઈ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| બિટાવલાડિયા (ઉગમણા) | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ચંદિયા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ચાંદ્રોડા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| દેવળિયા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| જરૂ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ખંભરા જુથ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ખારાપસવારિયા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| કુંભારિયા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| મારીગણા | સામાન્ય | અ.જા. સામાન્ય |
| મથડા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| મીઠાપસવારિયા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| મોડસર | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| મોડવદર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| નિંગાળ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| રામપર | સામાન્ય | અ.જા. સ્ત્રી |
| રાપર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| રતનાલ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| સાપેડા | સામાન્ય | અ.જા. સ્ત્રી |
| સિનુગ્રા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| સુગારિયા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વરસાણા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| વીડી | સામાન્ય | સામાન્ય બિનઅનામત |

### રાપર તાલુકો

| ગ્રામ પંચાયત | ચૂંટણીનો પ્રકાર | બેઠકનો પ્રકાર |
|---|---|---|
| આણંદપર | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| બાદલપર | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| બાલાસર | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| બેલા | સામાન્ય | અનુસૂચિત આદિજાતી સામાન્ય |
| ચિત્રોડ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| ડાવરી | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ડેડરવા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| ફતેહગઢ | સામાન્ય | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ગઢડા રાસાજી | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| ગેડી | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| જેસડા | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કલ્યાણપર | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| ખેંગારપર | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| કુડાજામપર | સામાન્ય | અનુસૂચિત જાતિ સામાન્ય |
| લોદ્રાણી | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| માખેલ | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| માંજુવાસ | સામાન્ય | સા.શૈ.પ. સ્ત્રી |
| મોમાયમોરા | સામાન્ય | અ.જા. સામાન્ય |
| રામવાવ | સામાન્ય | સા.શૈ.પં. સામાન્ય |
| સણવા | સામાન્ય | સા.શૈ.પં. સામાન્ય |
| શાનગઢ | સામાન્ય | સા.શૈ.પં. સામાન્ય |
| સુખપર | સામાન્ય | સા.શૈ.પં. સામાન્ય |
| સુવઈ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| ટીડલવા | સામાન્ય | સામાન્ય સ્ત્રી |
| વજેપર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વણોઈ | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વેરસરા | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વીજાપર | સામાન્ય | સામાન્ય બિનઅનામત |
| વ્રજવાણી | સામાન્ય | સામાન્ય બિનઅનામત |

# એપીએમસી ખેડૂતો-વેપારીઓ વચ્ચેની કડી છે : કેશુભાઈ પટેલ

**ભુજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે વેરહાઉસનું ખાતમુહૂર્ત અને કેન્ટીન-ગેસ્ટહાઉસનું લોકાર્પણ કરાયું**





ભુજ : વિકાસ એ અવિરત ચાલતી પ્રકિયા છે, તેના લાભો છેવાડાના માનવી સુધી પહોચવા જોઈએ. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ખેડૂતોના સાર્વજનિક હિતો માટે કેટલીક નીતિઓ સરળ બનાવી છે. એપીએમસી એ ખેડૂતો અને વેપારીઓ વચ્ચેની કડી છે તેવું ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ભુજ આયોજિત વેરહાઉસ બાંધકામનું ખાતમુહૂર્ત તેમજ અદ્યતન કેન્ટીન તથા ગેસ્ટહાઉસના લોકાપર્ણમાં મુખ્ય મહેમાન તરીકે બોલતા ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું. આ સમિતિના અધ્યક્ષ તરીકે રહી ચૂકેલા અને પોતાના અધૂરા કાર્યાની સોપણી કરવા આવેલ હોય તેવો સંતોષ તેમનામાં જણાતો હતો. ધારાસભ્યે ઉમેર્યુ હતું કે, એપીએમસીની ટીમ સક્રિય થઈને જુદા-જુદા કામો કરી રહી છે, જેમાં વિશાળ વેરહાઉસોનું બાંધકામ, કેન્ટીન - ગેસ્ટહાઉસ જવી સગવડો સરાહનીય છે. સૌને રાહતદરે મિષ્ઠાન સાથેનું ભોજન અપાશે તેમજ ગેસ્ટહાઉસનો દુરૂપયોગ ન થાય તેનું ધ્યાન રાખવા પણ ટકોર કરી હતી.

ખેડૂતભાઈઓને ઉદેશતા તેમણે જણાવ્યું હતું કે, ઘણી વખત કપાસની મિલ પર જે ખરીદ ભાવ હોય તેના કરતા ગામડે વધુ ભાવ 'દલાલો' આપે છે. તેની પદ્ધતિને ઓળખવાની જરૂર છે અને વેચાણ વ્યવહાર માટે યાર્ડનો જ ઉપયોગ કરવો સલાહભર્યું છે. તેમણે રાયડાની ટેકાના ભાવની ખરીદીનો પણ પ્રારંભ કરાવ્યો હતો અને સ્થાનિકે ખેડૂતભાઈઓની રજૂઆત સાંભળી ખરીદી જથ્થો વધારવા માટે પોતે ગાંધીનગર જઈ રહ્યા છે અને કૃષિમંત્રીને રજૂઆત કરશે તેવી હૈયાધારણ આપી હતી.

આ પ્રસંગે સમિતિના સેક્રેટરી એસ.એસ.બરારિયાએ સ્વાગત પ્રવચન કર્યા બાદ પૂર્વ ચેરમેન મનુભા જાડેજા, સદસ્યશ્ર માવજીભાઈ ડાંગર, સદસ્ય નવીનભાઈ ગણાત્રાએ પણ પ્રાંસગિક ઉદ્દબોધન કરી એપીએમસીના વિકાસ કાર્યાની સરાહના કરી હતી અને ધારાસભ્ય તરફથી અવિરત મળતા સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં જમીન અંગે સરકાર કક્ષાએથી જુદી-જુદી મંજુરીઓ મેળવવા, પૂર્તતા કરાવવા તેમજ આણંદસર ખાતે બે એકર જમીન મંજુર કરાવી આપવા બદલ એપીએમસીના ચેરમેન હઠુસિહ જાડેજા તથા ડાયરેક્ટરો દ્વારા ધારાસભ્યનું સન્માન કરવામાં આવ્યું હતું. વેરહાઉસોના બાંધકામનું ખાતમુહુર્ત ધારાસભ્ય, ચેરમેન હઠુભા જાડેજા, વાઈસ ચેરમેન અજીભાઈ ઠક્કર તથા સમગ્ર ડાયરેક્ટસના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ બને કાર્યક્રમોમાં ગામડે - ગામથી આવેલ ખેડૂતભાઈઓ, સામાજિક-રાજકીય આગેવાનો, ડાયરેક્ટર શામજીભાઈ આહીર, હરિભાઈ કોવાડીયા, માવજીભાઈ વરચંદ, માવજીભાઈ ડાંગર, શંભુભાઈ જરૂ, વૈભવભાઈ ગઢવી, સનાવલા સમા, અશોકભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, નવીનભાઈ ગણાત્રા, મહેશભાઈ ઠક્કર, રાજેશભાઈ ઠક્કર તથા પૂર્વ ચેરમેન મનુભા જાડેજા અને તાલુકા પંચાયત સદસ્ય અને પૂર્વ ચેરમેન હરિભાઈ જાટીયા, પૂર્વ ડાયરેક્ટર વનેચંદભાઈ શાહ વગેરે મંચસ્થ રહ્યા હતા.

કાર્યક્રમ સફળ બનાવવા આસી. સેક્રટરી એસ.સી.ગોરી, આર.એસ.આહીર, એસ. ટી.જાડેજા, કે.એન.જાડેજા, પી.એસ.માતા, બી.એસ. જાડેજા, બી.જે. ગોર, સી.વી. ડાંગર, એસ.એચ. આહીર, એન.એસ.આહીર, જે.એ. સોઢા, એમ.એમ.ખાસા, જે.આર.સોઢા વગેરે કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. શાસ્ત્રોકત વિધિ આચાર્ય હાર્દિક ભટ્ટ (ભુજવાળા) એ કરાવી હતી. કાર્યક્રમનું સંચાલન સમિતિના કર્મચારી આર.એસ. આહીર કર્યું હતું. આભારવિધિ સમિતિના ડાયરેક્ટર મુકેશભાઈ પટેલે કરી હતી.

# ભુજ નગરપાલિકાએ ૬૪ ઢોરને પાંજરે પૂર્યા



ભુજ : શહેરમાં ચોમેર રખડતા ઢોરોનો ત્રાસ ખૂબ વધી ગયો છે ત્યારે નગરપાલિકાની હદમાં આવતા અલગ - અલગ વિસ્તારમાંથી ઢોરોને પકડવાની કામગીરી હાથ ધરાઈ હતી.

શહેરના જાહેર માર્ગો તથા બજારમાં રખડતા ઢોરો રાહદારીઓ અને ટુ-વ્હીલર વાહન ચાલક માટે નડતરરૂપ બનતા અકસ્માતો સર્જાયા છે. પાલિકા દ્વારા આવા ઢોરોને પકડી પાંજરે પૂર્યા છે ત્યારે નગરપાલિકામાંથી મળતી વિગતો મુજબ તા.૨-૪-૨૫ના ૨ ગાય અને ૩ વાછરડા, તા.૩-૪ના ૩ આખજલા અને ૨ ગાય, તા.૪-૪ના ૩ આખલા અને ૨ ગાય, તા.૫-૪ના ૨ આખલા, એક ગાય અને બે વાછરડા, તા.૭-૪ના ૧ આખલો અને પાંચ વાછરડા, તા.૮-૪ના ૩ ગાય, ૩ વાછરડા, તા.૯-૪ના ૩ ગાય, ૪ વાછરડા, તા.૧૧-૪ના ૨ આખલા, ૩ ગાય, તા.૧૫-૪ના ૩ ગાય, ૪ વાછરડા, તા.૧૬-૪ના ૧ આખલો, ૨ગાય અને વાછરડા, તા.૧૭-૪ના ૩ ગાય અને ૨ વાછરડા, તા.૨૧-૪ના ૪ આખલા અને ૧ ગાય આમ કુલ ૬૪ ઢોરોને પકડવામાં આવ્યા છે. આવનારા સમયમાં ઢોરોને પકડવાની કામગીરી ચાલુ રખાશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

## મુસ્લિમ મીયાણા ગરાસીયા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટને ૭૧ હજારનું દાન મળ્યું

ભુજ : મિયાણા ગરાસિયા સમાજના શૈક્ષણિક સ્તરમાં સુધારો આવે તે માટેના કાર્યમાં હાજી સુલેમાન હાજી કાસમ ત્રાયાં પરિવારે રૂા. ૭૧,૦૦૦નું દાન આપ્યું હતું. આ દાનથી અનેક વિદ્યાર્થીઓ નવા શિખર સર કરવા પ્રેરણા મેળવી છે. મિયાણા ગરાસિયા સમાજના શૈક્ષણિક ક્ષેત્રમાં યોગદાનને લીધે ઘણાં પરિવારોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સમાજના યુવાનો જે ઉચ્ચ અભ્યાસ કરવા માટેનું સ્વપ્ન પણ નહોતું જોયું, તે સ્વપ્ન હવે પૂરા થઈ રહ્યા છે તે બદલ સમાજના અગ્રણીઓ મુસ્લિમ મીયાણા ગરાસિયા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ ટ્રસ્ટીઓએ આભાર માન્યો હતો.

## ભુજના મુંદરા રોડ આસપાસના વિસ્તારમાં બે દિવસ પાણી વિતરણ બંધ રહેશે

ભુજ : નગરપાલિકા પાણી પુરવઠા યોજના અંતર્ગત શહેરના ચંગલેશ્વર મંદિર પાસે બનેલ નવિનત્તમ વોટર હેડવર્કસ કાર્યરત કરવાના હેતુથી ટાંકાની લાઈનમાં જોડાણ કરવાની કામગીરીના કારણોસર શિવકૃપા સમ્પ પરથી મુંદરા રોડ વિસ્તાર અને મુંદરા રિલોકેશન ચોકડી પછીના વિસ્તારમાં અંદાજીત બે દિવસ એટલે કે આજે અને આવતીકાલ સુધી પાણી સપ્લાય કરવામાં આવશે નહીં. આ વિસ્તારમાં રહેતા લોકોને પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા નગરપાલિકા તંત્રએ અનુરોધ કર્યો છે. મેન્ટેનન્સ કામગીરી પૂર્ણ થયા બાદ પાણી વિતરણ રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે તેવું નગરપાલિકાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## જાહેરનામું

**મહેસુલ વિભાગ**

**સચિવાલય, ગાંધીનગર**

**(જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો))**

જીલ્લો : કચ્છ

ક્રમાંક :- અમ-મ-૨૦૨૫-૨૫૪-જકચ-૧૪૨૦૨૫-૧૧૪-ચ: તા.૧૭ એપ્રિલ, ૨૦૨૫

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (હવે પછી તેનો ઉલ્લેખ "અધિનિયમ" તરીકે કરવામાં આવશે)ની કલમ ૧૧ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનની જાહેર હિતના હેતુ માટે એટલે કે, અંજાર-મુન્દ્રા બાયપાસ રોડ બનાવવાના પ્રોજેક્ટ અંગે સંપાદિત કરવાની જરૂર છે.

આથી જાહેર કરવામાં આવે છે કે,

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન હે.૦-૪૯-૯૪ ચો.મી. છે અને તે કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના સિનુગ્રા ગામમાં આવેલ છે.

(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. અંજાર -મુન્દ્રા બાયપાસ રોડ બનાવી ટ્રાફિક અને વાહન વ્યવહારની અનુકુળતા માટે આ પ્રોજેક્ટનું નિર્માણકાર્ય જરૂરી છે.

(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. લાગુ પડતું નથી.

(૪) ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬થી દાખલ કરેલ કલમ-૧૦ (એ) હેઠળ મહેસુલ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક : અમ-મ-૨૦૨૫-૩૯-જકચ-૧૪૨૦૨૫-૧૧૪-ચ, તા.૨૮/૦૧/૨૦૨૫થી મુક્તિ આપવામાં આવેલ છે. આ ઉક્ત અધિનિયમની કલમ-૧૦એ હેઠળ સામાજિક અસરોના મૂલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. લાગુ પડતું નથી.

આ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે, કોઈપણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન દાખલ થવા અને જમીનનો સર્વે કરતા અટકાવવા નહિં. આ જાહેરનામું બહાર પડ્યા બાદ, કલેકટરશ્રીની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની વેચાણ, ભાડાપટ્ટે આપવી, ગીરવે મૂકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા સહિત કોઈપણ સ્વરૂપે કરવામાં આવેલી લેવડ-દેવડને, જમીનના જે ચોક્કસ ભાગનું આખરી સંપાદન કરવામાં આવે તેવું, અધિનિયમની કલમ-૨૭ હેઠળ વળતર આકારતી વખતે, સંબંધિત અધિકારી ધ્યાનમાં લેશે નહિં.

ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો, અધિનિયમની કલમ-૧૯ હેઠળ અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંદર અને તેમાં જણાવેલી રીતે આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે, તો આવી હકિકત, અધિનિયમની જોગવાઈ મુજબ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નસવવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ (જી) હેઠળ મળેલી સત્તાની રૂએ, રાજ્ય સરકાર, આ જમીનોના સંબંધમાં આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાર્ય કરવા અને ફરજો બજાવવા માટે નાયબ કલેક્ટર અંજારને જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ (સાઈઠ) દિવસની અંદર આ અધિનિયમની કલમ-૧૫ મુજબ સંપાદન બાબતે હિત ધરાવતી વ્યક્તિને જો કોઈ વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ કલેક્ટર અંજારને રજૂ કરી શકશે.

-:અનુસૂચિ:-

મોજે-સિનુગ્રા | તા.-અંજાર | જી.કચ્છ

| ક્રમ | સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) |
|---|---|---|
| ૧ | ૭૫/૧ | ૦-૪૯-૯૫ |
| કુલ | | ૦-૪૯-૯૫ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
રાજ નમેરા,
સરકારના ઉપસચિવ

(નામાનિ/કચ્છ/૯૬/૨૦૨૫-૨૬)

# કચ્છ દાતાર, શુરવીર અને ભક્તિની ભૂમિ : રવિન્દ્રસિંહ ભાટી

**રાજસ્થાન વિધાનસભા શિવ બેઠકના ધારાસભ્ય કચ્છની મુલાકાતે આવ્યાઃ લીફરી, પિથોરાપીર, નખત્રાણા, દેવપર, મંજલ, માતાનામઢ તિર્થધામે તેમનું ઉષ્માભેર આવકાર આપ્યો : રીબડાના રાજકીય રાજદીપસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજા, ભચાઉના કુલદીપસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા અને કરણી સેનાના માધુભા જાડેજા તેમની સાથે રહ્યાઃ ભુજના પિથોરાપીર મંદિરે અગ્રણીઓના હસ્તે કરાયું સન્માન**





નખત્રાણા : યુવા હૃદયના ધડકન રાજસ્થાન વિધાનસભા શિવ બેઠકના ધારાસભ્ય રવિન્દ્રસિંહ ભાટી ગઈકાલે કચ્છની મુલાકાતે આવતા તેમનું ઠેર ઠેર સન્માન થયું હતું. શિવ બેઠકના અપક્ષ ધારાસભ્ય સોશ્યિલ મીડિયામાં તેમના લાખો ફોલોઅર્સથી દેશભરમાં ખ્યાતનામ બનેલા રવિન્દ્રસિંહ ભાટી લીફરી ખાતે પુનરાજપીર મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિશાળ ધર્મસભાને સંબોધતા તેમણે કહ્યું કે, કચ્છડો દાતાર, શૂરવીર અને ભક્તિની ભૂમિ છે. કચ્છની મહેમાન ગતિ લાજવાબ છે. કચ્છમાં સંતોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમની સાથે રીબડાના રાજદીપસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજા, ભચાઉના કુલદીપસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા, માધુભા જાડેજા, હઠુભા સોઢા, પીરદાનસિંહ સોઢા, લાલુભા સોઢા, પ્રેમસિંહ સોઢા સહિતના ક્ષત્રિય અગ્રણીઓ જોડાયા હતા તેમનું પીથોરાપીર ભુજ, મંજલ, નખત્રાણા, દેવપર (યક્ષ), તેમણે પગંત હોટલની મુલાકાત લીધી હતી, તેમનું અર્જુનસિંહ પ્રદ્યુમનસિંહ જાડેજાએ સ્વાગત કરી સન્માન કર્યું હતું. માતાનામઢ તિર્થભૂમિ ખાતે આશાપુરાના દર્શન કર્યા હતા. ત્યાં પણ ક્ષત્રિય સમાજના અગ્રણીઓએ શ્રીફળ, ચુંદડી, માતાજીની છબી અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. તો ભુજના પિથોરા પીર મંદિર ખાતે આવેલા રાજસ્થાનના યુવા લોકપ્રિય વિધાયક રવિન્દ્રસિંહ ભાટીનું મંદિર ટ્રસ્ટ ઉપરાંત વિવિધ સંસ્થાઓ વતી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.


**જોઈએ છે**

**માતૃશ્રી પાર્વતીબેન દામજી ખેરાજ છાડવા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, (સ્વનિર્ભર), લાકડિયા**

આચાર્ય - ૧ | લાયબ્રેરિયન - ૧ | પી.ટી.આઈ. - ૧
અર્થશાસ્ત્રઃ અધ્યાપક સહાયક-૧ | સમાજશાસ્ત્ર : અધ્યાપક સહાયક-૧
અંગ્રેજી : અધ્યાપક સહાયક-૧ | સંસ્કૃત : અધ્યાપક સહાયક-૧
ઈતિહાસ : અધ્યાપક સહાયક-૧ | એકાઉન્ટઃ અધ્યાપક સહાયક-૨
મનોવિજ્ઞાનઃ અધ્યાપક સહાયક-૧ | કલાર્ક- ૧

લાયકાત : ઉપરોક્ત જગ્યા માટે ઈચ્છુક અને લાયકાત કચ્છ યુનિવર્સિટી અને યુજીસીના નિયમો અનુસાર) ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૦૭ દિવસમાં પોતાની અરજી રજિસ્ટર્ડ એડીથી નીચેના સરનામે મોકલી આપવી.

સરનામું : શ્રીમતી પુનઈબેન કરશન લધુભાઈ નિશર, વિશા ઓશવાળ જૈન કન્યા છાત્રાલય, લાકડિયા, પિન : ૩૭૦૧૪૫

## મુંબઈ સુધીના મુળ કચ્છના ખેડુતોમાં આંતરીક ઉહાપોહ..!

# ભચાઉ પટ્ટાના નામીચા એગ્રોવાળાના કાળા-ધોળાથી ભોળા ખેડુતોમાં ઉચ્ચાટ : ડીજીટલ અરેસ્ટ કે, છાનો ખેલ?

### લ્યો બોલો..! ૭થી૮ કરોડની રકમ અલગઅલગ ખેડુતોના ખાતામાં ઠલવાઈ અને પરત પણ લઈ લેવાઈ.!

**બ્લેકની રકમને વ્હાઈટ કરવા માટે ભચાઉના ભોળા ખેડુતોના ખાતામાં લાખોની રકમ કોણે ઠાલવી ? કેવા ઈરાદે નાખી? ભચાઉ પટ્ટાના અલગ અલગ આઠથી દસ ગામના ખેડુતો બન્યા ભોગ : ૫૦ ટકા જેટલા ખેડુતોએ તો ખાતામાં આવેલી લાખોની રકમ તેમના ખાતામાંથી કાઢી અને રકમ મોકલનારે આપી પણ દીધી? અંદાજીત સાતથી આઠ કરોડ જેટલી રકમ આ રીતે અલગ અલગ ખેડુતોના ખાતામાં ૨૦ લાખથી લઈ અને ૬૫ લાખ સુધીની ઠાલવાઈ ગઈ?**

**કેટલાક જાગૃત ખેડુતોએ બેંકમાં આવેલી રકમ બાબતે સબંધિત બારાતુ એગ્રોવાળાનો લીધો ઉધડો, તો એગ્રોવાળાએ થોડા સમયની માંગી મહેતલ : ખેડુતોમાં મચી ગઈ છે આંતરીક ભય સાથેની હલચલ : લાખો રૂપીયા અમે માંગ્યા નથી અને આ શખ્સએ રૂપીયા અમારા ખાતામા નાખ્યા, અમે કાઢીને તેને આપી પણ દીધા, હવે પુછાણા લેવાશે તો અમારા લેવાશે? નીદોર્ષ ખેડુતોને કયા ઠગ એ છેતર્યા?**

**ખાટલે મોટી ખોટ : પીએમ કિસાન યોજનાના હપ્તાની રકમ માટે ખેડુતોને કઈક દસ્તાવેજો આપીને કેટલાય કોઠા વિંધવાનો વારો આવતો હોય છે, તો પછી આ બની બેઠલા એગ્રોવાળાને ખેડુતો પર એવો તો કયો વહાલ આવી ગયો કે, લાખોની રકમો તેમના ખાતામાં કરી રહ્યો છે ટ્રાન્સફર..?**

ગાંધીધામ :એકતરફ ખેડુતોને માટે સરકાર દ્વારા અનેકવિત હિતલક્ષી અને રાહતરૂપ નિર્ણયો જાહેર કરવાના ભગીરથ પ્રયાસો કરવામા આવી રહ્યા છે ત્યારે બીજીતરફ કચ્છમાં આ જ ભોળા ખેડુતોની ભલમનસાઈનો ગેરલાભ ઉઠાવી અને કેટલાક ભેજાબાજ કચ્છ બહારના તત્વો તેમની સાથે છેતરપીંડીઓ કરી અનેખુદના ગજવા લાખો-કરોડોમાં ગરમ કરી રહ્યા હોય તેવી ઘટનાઓ બનવા પામી રહી છે.

આ દરમ્યાન જ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકામાં પણ અમુક ગામડાઓમાં કેટલાક ખેડુતોની સાથે પણ આવી જ કોઈ કાળા ધોળા કર્મો કરનાર નામીચા બની બેઠેલા એગ્રોવાળા દ્વાર મોટો કોઈ ખેલ કરવામા આવી રહ્યો હોવાનો ઉચ્ચાટ આંતરીક રીતે હવે ભારે ગરમાવો સર્જી રહ્યો હોવાની વાત સામે આવવા પામી રહી છે. સૌ પ્રથમ તો અહી બની રહેલી ઘટનાની ટુંકમાં વાત કરીએ તો ભચાઉ તાલુકાના આઠથી દસ જેટલા ગામોના કેટલાક ખેડુતોને ભચાઉ પટ્ટાના એક નામીચા અને કચ્છ બહારના બારાતુ એગ્રેવાળા દ્વારા લાખોની રકમ ભોળા ખેડુતોના ખાતામાં નાખવામા આવી રહી છે.

આ રકમ શેના પેટે નંખાઈ રહી છે, શા માટે નંખાઈ છે, તેનો કોઈ જ ફોડ પાડવામા આવતો નથી અને આ બારાતુ બની બેઠલ એગ્રોવાળો જે તે ખેડુતને ફોન કરી અને પાછો કહી પણ રહ્યો છે કે, તમારા ખાતામાં ૨૦-૪૫-૬૫ લાખ કે અન્ય રકમ કંપનીમાથી આવી છે, તે રકમ કાઢી અને મને આપી જાવ. જોવાની અને ચિતાવાળી વાત અહી એ બની જવા પામી ગઈ છે કે, અત્યાર સુધીમાં આ મહાશય દ્વારા ૭થી૮ કરોડની રકમ આ રીતે ભોળા ખેડુતોના ખાતામાં ઠાલવી અને પોતે લઈ લીધી છે. એથીય ચિંતાજનક વાત એ બની છે કે જેટલા ખેડુતોના ખાતમાં આવી રકમ આવી છે, જે ખેડુતોએ કયાંથી માંગી નથી કે ખેડુતોએ માંગવા પાત્ર થતી નથી , તેના ૫૦ ટકા જેટલા ખેડુતો રકમ કાઢી અન ેમોકલનાર તથા ફોન કરનાર બની બેઠેલ નામીચ એગ્રોવાળાને આપી પણ આવેલ છે. જો કે, આમાથી પાંચ સાત ખેડુતો જે જાગૃત છે તેઓએ આ રકમ આજની તારીખે પણ ઉપાડી નથી અને ફોન કરનાર શખ્સને આપી પણ નથીતો કેટલાક જાગૃત ખેડુતોએ તો ધારાશાસ્ત્રીઓ પાસેથી પણ સલાહ લઈ અને આ પ્રકરણની સામે કાયદાકીય લડત આદરવાની પણ તૈયારીઓ કરી લીધી છે.

જો કે, આવી રીતે રકમ મોકલનાર તથા ફોન કરનારને કોઈ જ ફર્ક ન પડયો હોય તેમ તેને જઈને પુછનારાઓથી તેણે આ રીતે રકમ શા માટે ખેડુતોના ખાતમાં નાખી તથા શેના પેટે અને તે રકમ આ શખ્સ પાસથી કયાથી આવી છે? તેવી કોઈ જ ફોડ પાડવાની તસ્દી ન લીધી અને થોડા સમયની મહેતલ માંગી અને કહ્યુ કે, મને સમય આપો હું બધુ જ તમને જણાવી દઈશે. આ વચ્ચે સવાલ હવે અહી એ થવા પામ્યો છે કે, જે ખેડુતોએ ખાતમાં આવેલી ૪૦-૫૦ લાખ જેવી રકમ ઉપાડી લીધી છે તે નિદોર્ષ ખેડુતોને તો ઈન્કમટેક્ષ વિભાગ સહિતનાઓની સામે ઉભા રહેવાનો વારો આવી જ જવાનો છે? હાલમાં પાછલા એકાદ સપ્તાહથી આ નામીચા બની બેઠેલા બારાતુ એગ્રેવાળાએ પાડી દીધેલા આવા છાના ખેલથી ભોળા ખેડુતોમાં ભારે ઉચ્ચાટની સ્થીતી સર્જાયેલી છે અને સબંધિત સૌ વિભાગો તરફથી ભોગ બનેલા નિદોર્ષ ખેડુતો દ્વારા આબાબતે તપાસ થાય તેવી પણ આશભરી મીટ મંડાઈ છે.

## તાલુકા-જિલ્લા કિસાન સંઘો, સાયબર ક્રાઈમ પોલીસ કેમ આ પ્રકરણમાં ન કરે લાલઆંખ..!

**નાયબ જિલ્લા ખેતીવાડી અધિકારી પણ કેમ ન કરાવે તપાસ ? જો બારાતુ એગ્રોવાળાની કોઈ પણ ગેરરીતી આ કેસમાં સામે આવે તો તેના લાયસન્સ કાયમી ધોરણે રદ કરી દેવા જોઈએ અનેતેની સામે પણ ફોજદારી રાહે કરવી જોઈએ કાર્યવાહી**

ગાંધીધામ : ભચાઉ તાલુકાના ભોળા ખેડુતોની સાથે છેતરપીંડી થઈ હોવાની ચર્ચા સામે આવી રહી છે. કોઈ બની બેઠેલા બારાતુ એગ્રોવાળાએ અમુક ખેડુતોના ખાતામાં લાખોની રકમ ત્રણ અક્ષરવાળી કોઈ કંપનીના નામે નાખી દીધી અને પછી તે ખેડુતોને ફોન કરી અતે તેમના ભોળપણનો ગેરલાભ ઉઠાવી સહીઓ કરાવી અને તે રકમ પરત પણ લઈ લીધી છે. આવા સમયે હવે જિલ્લા અને તાલુકા કિસાન સંઘ તથા સાયબર ક્રાઈમ પોલીસ આ બાબતે કેમ સામેથી જ ઘનિષ્ઠ તપાસ ન કરે? ખેડુતોને આ પ્રકરણમાં નાહકનું જ પિસાવવાનું આવશે . ખેડુતોની વહારે આવી અને આ રીતે ખેડુતો સાથે ખેલ પાડનારાઓને ખુલ્લા પાડવા માટે જિલ્લા-તાલુકા કિસાન સઘો તંત્રને આવેદન પાઠવી વેળાસર જ ઘનિષ્ઠ તપાસની માંગ કરી અને જે કોઈ બારાતુ એગ્રોવાળાએ આ ખેલ પાડયો હોય અને તેમા તેની ગેરરીતી પકડાય તો તેના લાયસન્સ પરવાના કાયમી ધોરણે જ રદ કરી દેવા અને આ શખ્સની સામે પણ ફોજદારી રાહે કાર્યવાહી કરી જેલના સળીયા ગણતો જ કરી દેવો જોઈએ.

## મહેસાણા-બનાસકાંઠાના અમુક બારાતુ તત્વો કચ્છમા ભોળા ખેડુતોને છેતરતા જ રહે છે..!

**અગાઉ ભુજ પાસેની પટેલ ચોવીસીમાં પણ કોઠાય પાસેના લાખોના યુરીયા ખાતરના કેસમાં વિક્રેતા તરીકે રહેલો શૈલેષ નામનો શખ્સ અનેકવિધ રીતે ખેડુતોને ઉતારી ગયો હતો શીશામાં : તંત્રએ બાદમાંલાલઆખ કરતા આ બારાતુ શૈલેષની આઠથી દસ દુકાનોના પરવાના કરી દીધા હતા કેન્સલ, જો કે ત્યા સુધી તો શૈલેષે કઈક ખેડુતોના ઓટીપી-આધારો સહિતનો કરી લીધો હતો ગેરઉપયોગ**

ગાંધીધામ : કચ્છ ખેતીપ્રધાન જિલ્લો છે. અહીની ખેતીમાં ખેડુતોના ભોળપણ અને ભલમનસાઈનો લાભ ઉઠાવવા માટે બારાતુ અમુક બની બેઠેલા એગ્રોવાળાના કારનામાઓ સમયાંતરે સામે આવતા જ રહેતા હોય છે. હજુ તો થોડા સમયપહેલા જ ભુજની પટેલ ચોવીસીમાં ચકચારી બનેલ એક પાટણ -બનાસકાંઠા બાજુનો શૈલેષ નામનો શખ્સ આઠથી દસ અલગ અલગ વિસ્તારોમાં એગ્રોની દુકાનો ખોલી અને યુરીયા ખાતર સહિતના મામલે ખેડુતોના ઓટીપી ઉપરાંતનો ગેરઉપયોગ કરતો હોવાનો ખુલાસો થવા પામી ગયો હતો અને તેનુ નામ કોડાયના એક મોટા યુરીયા ખાતર પ્રકરણમાં પણ બહાર આવવા પામી ગયુ હતુ. જે બાદ તેની આ દુકાનોના લાયસન્સ પણ ધડાધડ રદ કરવાની સ્થિતી આવી ગઈ હતી. હવે ફરીથી ભચાઉ પટ્ટામાં મહેસાણા બાજુનો આવો કોઈ ઠગભગત પડાવ નાખીને ખેડુતોની ભલમનસાઈનો ગેરલાભ ઉઠાવી ગયો હોવાની ફરીયાદોનો ગણગણાટ ઉભો થવા પામી રહ્યો છે.

---

**પૂર્વ કચ્છ એલસીબીએ સંકુલમાં ફેલાયેલા સટ્ટાકાંડનો કર્યો પર્દાફાશ**

# મેઘપર (બો)માં આઈપીએલની મેચ પર સટ્ટો રમાડતો યુવક પકડાયો, ૧૭ જણા સામે ફરિયાદ

**વિનોદ સિંધીએ અમદાવાદના યુવક પાસેથી માસ્ટર આઈડી મેળવી ગાંધીધામ, અંજારના ૧૫ લોકોને સટ્ટો રમવા માટે આઈડી આપી હોવાનું સામે આવ્યું : યુવક પાસેથી મળી આવેલ બે મોબાઈલમાં ૪.૮૦ લાખ બેલેન્સ મળ્યું**

ગાંધીધામ : હાલમાં આઈપીએલની મેચ પર પુર બહારમાં સટ્ટો રમાઈ રહ્યો છે ત્યારે અંજાર તાલુકાના મેઘપર (બોરીચી) ગામે આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. જેમાં ૧૭ જણા સામે ફરિયાદ થઈ છે.



આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ પૂર્વ કચ્છ એલસીબીએ મેઘપર (બોરીચી) માં આવેલ ગેલેક્સી વિલા સોસાયટીમાં દરોડો પાડ્યો હતો. અહીં વિનોદ કનૈયાલાલ ચંદનાણી (સિંધી)ને ઝડપી લેવામાં આવ્યો હતો. આ યુવક પોતાના મોબાઈલમાં આઈડી ખોલી આઈપીએલની મેચ પર સટ્ટો રમતો હતો. તેના બીજા મોબાઈલમાં માસ્ટર આઈડી ચાલુ હતી. જેમાં ૧૪ ગ્રાહકના આઈડી અને બેલેન્સ જોવા મળ્યા હતા. પુછપરછ કરતા તેને કબૂલાત આપી માસ્ટર આઈડી વડે બીજા ગ્રાહકોને ક્રિકેટ મેચ પર સટ્ટો રમવા માટે આઈડી આપી છે. જે ૧૪ ગ્રાહકો આકાશ પાંચ કે, દીપેશ ૫ કે, હિતેશ ૧૦ કે, જગદીશ ૨૦ કે, નીતેશ જીડીએમ, રાજેશ ૭ કે, રવી ૪૦ કે, શૈલેષ ૩ કે, સંદીપ ૫૦ કે, સંજય ૫૦ કે,

અનુસંધાન પાના નં.૫ પર

---

**માનવવસ્તી કરતા વધુ પશુધન ધરાવતા જિલ્લા માટે ખુશખબર**

# ભુજમાં વેટરનરી કોલેજ સંકુલમાં પશુ દવાખાનાના બાંધકામનો ટુંકમાં જ હાથ ધરાશે ધમધમાટ

**આગામી વર્ષે વેર્ટનરી કોલેજ શરૂ થવાના ઉજળા ચિહ્નો : કામધેનું યુનિ.એ વેટનરી કાઉન્સીલને મોકલી દરખાસ્ત : મંજુરીની પ્રક્રીયા અંતમ તબક્કામા : વેટેનરી કોલેજમાં ૮૦ બેઠકોની ક્ષમતા સાથે ડિગ્રી કોર્સ નો અભ્યાસક્રમ થશે શરૂ**

ગાંધીધામઃ માનવવસ્તી કરતા વધુ પશુધન ધરાવતા કચ્છ જીલ્લાના પશુપાલન ક્ષેત્ર સહિતનાઓને માટે ખુશખબર સમાન અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. સચિવાલય કક્ષાના સુત્રો મારફતે મળેલી વીગતો અનુસાર ભુજમા વેર્ટનરી કોલેજ આગામી વર્ષે કાર્યરત થવા પામી જાય તે રીતે તેની પ્રક્રીયાનો ધમધમાટ તેજ બનેલો હોવાના અહેવાલો સામે આવ્યા છે. કચ્છ જિલ્લાના ભુજ ખાતે વેટરનરી કોલેજ ને શરૂ કરવા માટેની મંજૂરીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. વેટરનરી કાઉન્સિલ દ્વારા માંગવામાં આવેલી કેટલીક વિગતોની પૂર્તતા કામધેનુ યુનિવર્સિટી દ્વારા કરી દેવામાં આવી હોય અગામી ટૂંક જ સમયમાં આખરી મંજૂરી મળતાં જ નવા શૈક્ષણિક સત્રથી અથવા આગામી વર્ષથી ભુજ ખાતે વેટનરી કોલેજ શરૂ થઈ જશે. કામધેનુ યુનિવર્સિટી સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કચ્છ જિલ્લામાં મોટા પ્રમાણમાં પશુઓની વસ્તી છે કચ્છ એક સરહદી જિલ્લો હોય કચ્છ જિલ્લાના યુવાનોને કચ્છ જિલ્લામાં જ વેર્ટનરી કોલેજ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કચ્છમાં વેર્ટનરી કોલેજ સ્થાપવાનો નિર્ણય કર્યો હતો. જે અંતર્ગત રાજ્યની કામધેનુ યુનિવર્સિટી દ્વારા ભુજ ખાતે વેટરનરી કોલેજ સ્થાપવામાં આવી છે અને કોલેજ માટેના જરૂરી તમામ સ્ટાફ ભરી દેવામાં આવ્યો છે. આ કોલેજ શરૂ કરવા માટે કામધેનુ યુનિવર્સિટી દ્વારા વેટનરી કાઉન્સિલ સમક્ષ દરખાસ્ત કર્યા બાદ વેટનરી કાઉન્સિલ દ્વારા આ કોલેજનું ઈન્સ્પેક્શન પૂર્ણ કરવામાં આવ્યું છે માત્ર આ કોલેજના કેમ્પસમાં જ પશુ દવાખાનું શરૂ કરવા માટેની ક્વેરી કાઉન્સિલે કાઢતાં કામધેનુ યુનિવર્સિટી દ્વારા કોલેજ કેમ્પસમાં જ પશુ દવાખાનું સ્થાપવા માટેની કામગીરી આગામી ટૂંક સમયમાં જ હાથ ધરવામાં આવનાર છે. કાઉન્સિલ દ્વારા માગવામાં આવેલી પૂર્તતા પૂર્ણ કરવામાં આવ્યા બાદ આગામી ટૂંક જ સમયમાં વેઈટરનરી કાઉન્સિલ દ્વારા આખરી મંજૂરી મળ્યા બાદ આ નવા શૈક્ષણિક સત્રથી અથવા આગામી વર્ષથી ભુજમાં વેટનરી કોલેજ શરૂ થશે. ભુજ ખાતે શરૂ થનારી વેટેનરી કોલેજમાં ૮૦ બેઠકોની ક્ષમતા સાથે ડિગ્રી કોર્સનો અભ્યાસક્રમ શરૂ થશે.

---

# બિદડા ગામે આઈપીએલની મેચ પર સટ્ટો રમતો યુવક પકડાયો

**અવાર-નવાર એલસીબીએ દરોડા પાડ્યા, સ્થાનિક પોલીસ નિષ્ક્રિય રહેતા ક્રોસ તપાસ અપાઈ**



માંડવી : તાલુકાના બિદડા ગામે ગ્રામ પંચાયતની બાજુમાં આઈપીએલની મેચ પર સટ્ટો રમતા યુવકને ઝડપી લેવામાં આવ્ય હતો.

એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બિદડા ગામે દરોડો પાડતા હોલો ફળિયામાં રહેતો વિમલ નારાણભાઈ રાજગોર પોતાના મોબાઈલમાં સટ્ટો રમતો હતો. ગુજરાત અને કોલકત્તા વચ્ચેની મેચમાં પોતાના મોબાઈલ ઓનલાઈન આઈડી મેળવી તેમાં હારજીતનો સટ્ટો રમતો હતો. મોબાઈલ તપાસતા આઈડીમાં ૮૧૫૫ નું બેલેન્સ મળી આવ્યું હતું. આઈડી મુન્દ્રાના ગોપાલ ગઢવી પાસેથી મેળવી હતી. જેથી બન્ને સામે કોડાય પોલીસમાં જુગારધારાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મહત્ત્વની બાબત એ છે કે, કોડાય પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ પણ એલસીબીએ દરોડો પાડી આઈપીએલની મેચ પર સટ્ટો રમતા યુવકોને ઝડપી લીધા છે. સ્થાનિકે પોલીસ નિષ્ક્રિય હોય તેમ અવાર-નવાર એલસીબી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. જેને પગલે અનેક તર્કવિતર્ક વહેતા થવા પામ્યા છે. હાલ આ પ્રકરણમાં ક્રોસ તપાસ ગઢશીશાના ઈન્ચાર્જ પીઆઈ સી.વાય. બારોટને સોંપવામાં આવી છે.

# ગાંધીધામમાં યુવક દ્વારા સગીરાની પજવણી કરાઈ

**કિશોરી બ્યુટીપાર્લરનો કોર્ષ શીખવા ગઈ ત્યારે સુંદરપુરીનો આરોપી પહોંચી આવ્યો હતો**

ગાંધીધામ : શહેરના ભારતનગર વિસ્તારમાં યુવક દ્વારા સગીરાની પજવણી કરવામાં આવતા અંતે સમગ્ર મામલો પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં સુંદરપુરીના શખ્સ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ બાબતે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ ભોગ બનનાર ૧૫ વર્ષિય સગીરાના પિતાએ આ મામલે પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો. આજથી દોઢ મહિના પહેલા આરોપી સુંદરપુરીમાં રહેતો સાજીદ નામનો આરોપી બળજબરીથી સગીરાને પોતાની બાઈકમાં બેસાડી અપહરણ કરીને લઈ ગયો હતો. લગ્ન કરવાના ઈરાદાથી લલચાવીને સગીરાને આરોપી લઈ ગયો હતો ત્યારે તે પરત આવી પરંતુ આરોપીએ આ બાબતે કોઈને જાણ ન કરવા માટે ધમકી આપી હતી. દરમિયાન આ ભોગ બનનાર ભારતનરગમાં બ્યુટીપાર્લરનો કોર્ષ શીખવા ગઈ ત્યારે આરોપી પહોંચી આવ્યો અને હાથ પકડી છેડતી કરી હતી. જેથી ભોગ બનનારે સમગ્ર બાબતે પરિવારને વાકેફ કર્યા બાદ તેના પિતાએ આરોપી સાજીદ સામે ફરિયાદ દાખલ કરાવી છે. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે વિવિધ કલમો તળે ગુનો દાખલ કર્યો છે. ડીવાયએસપીએ ઘટનાસ્થળનું વિઝિટેશન કર્યું હતું. પીઆઈ એમ.ડી. ચૌધરીએ આગળની તપાસ હાથ ધરી છે.

# અંજારના લુણંગનગરમાં ઘરના તાળા તોડી લાખ રૂપિયાની મત્તા ચોરી જવાઈ

**શહેરી વિસ્તારમાં વધી રહેલા ચોરીના બનાવોથી લોકોમાં ઉચ્ચાટ ફેલાયો**

અંજાર : શહેર અને તાલુકાના રહેણાક વિસ્તારોમાં ચોરીની ઘટનાઓ વધી રહી છે. હજુ તો વેકેશનની શરૂઆત થઈ છે તેવામાં આ પ્રમાણે ચોરીના બનાવો વધતા લોકોમાં ઉચ્ચાટ ફેલાયો છે. ગત રોજ લુણગનગર ખાતે ઘરના તાળા તોડી ચોરી કરવામાં આવી હતી. આ બાબતે અંજાર પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ ફરિયાદી વિનોદભાઈ નાગશીભાઈએ ગુનો દાખલ કરાવતા જણાવ્યું કે, દિવસ દરમિયાન આ બનાવ બન્યો હતો. બપોરના ૧૨:૩૦થી ૩ વાગ્યા દરમિયાન કોઈ ચોર ઈસમે તેમના ઘરનું તાળુ તોડી સોનાનો હાર, સોનાના કાપ, કાપની સાંકળ, સોનાની વીટી, સોનાની ખીરોલ, સોનાનો ઓમ, રીંગ, નજરીયા, વીટી, પૈડો, કાનની રીંગ, નજરીયા, કાનના ડીક્ષા, ચાંદીની બંગડી, કડા, પાયલ, પગની જેર સહિતના દાગીના તેમજ ફરિયાદીના રોકડા રૂા.૫૧ હજાર અને મનીષાબેનના રોકડા રૂા.૧૦ હજાર મળી કુલ ૯૨,૮૦૦ની માલમત્તા ઉઠાવી જવાઈ હતી. ધોળા દિવસે ચોરીનો બનાવ બનતા સ્થાનિક રહેવાસીઓમાં ઉચ્ચાટ ફેલાયો હતો. આ ઘટનામાં જાણભેદુનો હાથ હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. હાલ અંજાર પોલીસે ગુનો દાખલ કરી વિવિધ દિશાઓમાં તપાસ હાથ ધરી છે.

